

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

વર્ષ ૬૩મું · અંક ૨ જો
ફેબ્રુઆરી · ૧૯૮૭
સળંગ અંક
૭૪૬
તંત્રી
બિહારીલાલ ટાંક



▷
બુદ્ધ-જન્મ
વૃક્ષની શાખા પકડીને ઊભેલાં માયાદેવીના જમણા પડખામાંથી પ્રકટ થતા બુદ્ધને દર્શાવતી અતિસુંદર કાંસ્યપ્રતિમા. છે તો માત્ર ૫૬ સે.મી. ઊંચી, પણ ૧૮મી સદીના નેપાળના લાક્ષણિક કલાકૌશલની દ્યોતક આ પ્રતિમા એક બહુમૂલ્ય કલારત્ન ગણાય છે.



ધરતીની પુત્રી (કલાકાર : બી. પ્રભા)

સાંકળિયું

કુમાર કાર્યાલય લિમિટેડ વતી પ્રકાશક:
અશોકભાઈ બચુભાઈ રાવત
મુદ્રક: જિતેન્દ્ર ઠા. દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.
પ્રકાશન સ્થાન:
કુમાર કાર્યાલય લિમિટેડ,
૧૪૫૪, રાયપુર, અમદાવાદ–૧
વાર્ષિક લવાજમ: રૂ. ૪૦
પરદેશમાં રૂ. ૧૦૦
પાઉન્ડ ૮ / ડૉલર ૧૦
છુટક નકલ : રૂ. ૪

કુમાર વર્ષ ૬૩મું - અંક ૨ જો - ફેબ્રુઆરી-૧૯૮૭

ન માનવને મળે! / નરેન્દ્રકુમાર શુકલ 'ગોરખ'

(ગઝલ)

સુખેથી પોઢ હૃદય આખરી વિરામ હવે,
અદા કર્યું છે વ્યથાઓનું ઋણ તમામ હવે.

જે રૂપની મહક બનીને પ્રાણ ભમતા'તા!
ન એ સ્મરણ રહ્યું ન એ નશો ન જામ હવે.

નજર ન એ રહી નજર, કશી રહી ન તરસ!
કહે કયાં આપણો અહિંયાં રહ્યો મુકામ હવે?

કૃપા એ ઈશની માનું કે વિફલતા મનની?
કહે છે જીવ જો તારું ન અહીં કામ હવે!

મળે જો પાનખર વસંત ન માનવને મળે!
બદલવા ખોળિયું મરણનું શેષ ઠામ હવે.

લીધો'તો જન્મ જો જોવાઈ ગયું મર્ત્ય જગત
નહીં લે પ્રાણ આ દુનિયાનું કદી નામ હવે.

ચરણના થાકમાં ગોતું છું ગુજારેલા દિવસ!
જવું હતું જ્યાં એ મળશે શું પરમ ધામ હવે?

☆

રળજી / રાજેશ પંડયા

જળ ઝંઝેટી કરી ડાળખાં ઊંચી રળજી,
મળી પછી જળની ઝળહળ કૂંચી રળજી.

ધુમ્મસ જેવી આંગળીઓથી પૂછી રળજી,
સીમ સુધીની ઘાસલ વાતો લૂછી રળજી.

પાનપાનની લીલાશ ખણતી ચૂંટી રળજી,
પમરે પોયણીઓનાં પોતે ટૂંટી રળજી.

આળેખાતી પાંસળીઓમાં લિપિ રળજી,
બત્રીસ કોઠે પવન પાલખી દીપી રળજી.

ખળખળ શ્વાસે કેડ સમાણી ઝૂકી રળજી,
ભીનપ વચ્ચે મુંઝારાને મૂકી રળજી.

રવરવતી કુંતલતા રણઝણ રણકી રળજી,
ગમાણમાં માણેકી ઘોડી હણકી રળજી.

પિથીઆસ

ગણિત અને ખગોળનો જ્ઞાતા, એકાધિક સ્થળોના અક્ષાંશો નિશ્ચિત કરનાર, ભરતી અને ઓટ સાથે ચંદ્રની કળાનો સંબંધ શોધનાર એ ગ્રીસનો પહેલો શોધસફરી હતો. પંદરમી સદીમાં યુરોપમાં દરિયાઈ શોધસફરોનો યુગ બેઠો તે પહેલાં અઢારસો વર્ષ પૂર્વે ભૂમધ્ય સમુદ્રની બહાર નીકળી પશ્ચિમ યુરોપની મોટા ભાગની સાગરકંઠારે ઘૂમવા સાથે એણે બ્રિટનના ટાપુની પ્રદક્ષિણા કરેલી, અને એ કાળમાં જેનું માત્ર નામ જ જ્ઞાત હતું તે અજાણ 'થુલે' સુધી પહોંચી એણે ઉત્તર ધ્રુવ-વિસ્તારના બરફ-આચ્છાદિત સમુદ્રમાં પ્રવેશ કરીને ગ્રીસના ભૌગોલિક જ્ઞાનની સીમા વિસ્તારી હતી.

દરિયાઈ શોધસફરોના ઇતિહાસમાં પિથીઆસનું નામ નોંધાયેલું હોવા છતાં બહુ ખ્યાત નથી. કારણ પોતાની સફર વિશે એણે પોતે આપેલા અહેવાલો કે તેની નોંધો કેટલાય કાળથી પ્રાપ્ય નથી. એટલે જેમણે એ અહેવાલો કે નોંધો વાંચ્યાં હોય અથવા એ અંગે જેમને કંઈ જાણ હતી એમનાં જૂનાં લખાણો પર જ આપણે આધાર રાખવો પડે છે. આથી એક તરફ એની સફરો અંગે વિવાદ તો ઊભો જ છે, જ્યારે બીજી બાજુ એ ભૂગોળશાસ્ત્રીઓના રસનો વિષય પણ રહ્યો છે. છતાં એના વિશે જે કંઈ માહિતી ઉપલબ્ધ છે તે પરથી તેની દરિયાઈ સફરનું થોડુંઘણું યે મહત્ત્વ તો સ્વીકારાયું જ છે.


ઈસ્વી સન પૂર્વે લગભગ ૩૨૫ના અરસામાં પિથીઆસે આ સફર કરેલી એટલું તો નક્કી કરી શકાયું છે, પરંતુ એનો ઉદ્દેશ ચોક્કસપણે કળી શકાયો નથી. કેટલાક માને છે કે એણે નવા પ્રદેશની શોધ માટે જ સાગર ખેડયો હતો. બીજા કહે છે કે ભૂમધ્ય સાગર પરની ફિનિશીઅન નાકાબંધીની તપાસ કરવા એ નીકળેલો. એક મત એવો પણ છે કે મેસિલીઆ (આજના માર્સેલ્સ)નાં બજારોમાં અવારનવાર આવતી કલાઈ ધાતુનું મૂળ સ્થાન શોધી કાઢવા ત્યાંના વેપારીઓએ પિથીઆસને આ સફર ખેડવા પ્રોત્સાહિત કરેલો. એ કાળે 'ગોલ' અને 'સ્પેન' બાજુ ઉત્તરમાંથી ભૂમિમાર્ગે કલાઈ ત્યાં આવતી હશે એમ મનાય છે. પિથીઆસનો ઉદ્દેશ તો જે હોય તે, પણ એણે અજાણ સાગર ખેડીને, ગ્રીક લોકોને એ સમયમાં જ્ઞાત એટલી દુનિયાની સીમાથી પાર જવાનું સાહસ કર્યું હતું.

એ સમયે ભૂમધ્ય સમુદ્રના પશ્ચિમ માર્ગ ઉપર ફિનિશીઅન[૧] વહાણોની નાકાબંધી હતી. સેંકડો વર્ષો સુધી આ ફિનિશીઅનો અને ગ્રીકો વચ્ચે વ્યાપારની સ્પર્ધા ચાલતી રહેલી. બંને પ્રજા ભૂમધ્યના વિસ્તારોમાં સમૃદ્ધિ ખોળતી હતી, અને ફિનિશીઅનો તો એથી યે આગળ પોતાની નજર દોડાવતા હતા. પિથીઆસના સમય સુધી કલાઈ અને ચાંદીના સમૃદ્ધ બજારોના માર્ગ અંગે ફિનિશીઅનોએ ગુપ્તતા જાળવી રાખી હતી.

એ કાળના ગ્રીક લોકોના ભૌગોલિક જ્ઞાન અને ખયાલોથી પિથીઆસની સફર અંગેના અહેવાલો કેટલીક રીતે જુદા પડે છે, એટલે જ કદાચ એને યોગ્ય યશ અપાયો નથી, એટલું જ નહીં, કેટલાકે તો એની સફરને કાલ્પનિક કથા ગણીને તેને પ્રાચીન ગ્રીક જગતનો 'મન્ચ્‌શઝન'[૨] પણ કહ્યો છે. વળી, પિથીઆસના નામે અપાએલા મોટા ભાગના અહેવાલો પણ સ્ટ્રાબો[૩] વગેરે જેવા ત્યાર પછીના ભૂગોળશાસ્ત્રીઓએ ચૂંટીને આપેલા છે, જેમને પિથીઆસના કથનમાં અતિશયોક્તિ અને જુઠાણું ભાસ્યું હતું. છતાં ડીઓડોરસ અને ઈરેટૉસ્થિનસ જેવા કેટલાક પિથીઆસને કંઈક માનથી જોનારા પણ હતા. ખગોળ અને ગણિતના જાણકાર તરીકે તો પિથીઆસની ક્ષમતા શંકારહિત હતી. ખુદ સ્ટ્રાબોએ પણ એનો સ્વીકાર કર્યો હતો. પોતે જ બનાવેલા સાધન વડે પિથીઆસે મેસિલીઆના અક્ષાંશ એટલી ચોક્કસાઈથી નક્કી કરેલા કે એ પછી સદીઓ સુધી તેમાં કોઈ ફેરફાર કરી શકયું નહોતું.

ઉત્તર ધ્રુવને એક ખાસ તારા સાથે સંબંધ છે એવી એ સમયની એક માન્યતાને નકારી એણે કહેલું કે એક તારા સાથે નહીં, પણ ત્રણ તારાના એક જૂથ સાથે તે સંકળાએલો છે. વળી, પિથીઆસ જ પહેલો ગ્રીક હતો જેણે સાગરની ભરતી-ઓટનાં નિરીક્ષણો કરીને કહેલું કે તેનો સંબંધ ચંદ્રની કળાઓ સાથે જોડાએલો છે. એ સમયમાં દરિયાની ભરતી-ઓટનું કારણ એક રહસ્ય હતું.

પિથીઆસ વિશે તો આપણે કંઈકે જાણીએ છીએ, પણ એના વહાણ વિશે કશું જાણતા નથી. છતાં એટલું તો અનુમાની શકીએ કે જે અજાણ્યો ઉત્તર સાગર ખેડવા એ નીકળ્યો હતો તેમાં સંભવિત એવી કુદરતી આફતો સામે ટકી રહે એટલું તે વહાણ ખમતીધર હશે જ. વળી, કદાચ ક્યાંક તેના ઉપર કોઈ હુમલો થાય તો તેની સામે બચાવ કરવા જેટલી સાધનસામગ્રી પણ તેમાં રખાઈ હશે. ઉત્તર ધ્રુવ પ્રદેશની પોતાની શોધસફરોથી વિખ્યાત ફ્રિજોફ નાનસેનનો અભિપ્રાય છે કે પિથીઆસનું વહાણ સોએક ફૂટથી વધુ લાંબું, અને પિથીઆસના સમય પછી સૈકાઓ બાદ ગ્રીનલૅન્ડ અને એથી યે આગળ અમેરિકા સુધી સાગર ખેડી જનારા વાઈકિંગો[૪]ની ગૅલીઓ કરતાં તો ચડિયાતું હોવું જ જોઈએ. રૉયલ જ્યોગ્રાફિકલ સોસાએટીના પ્રમુખ સર કલેમેન્ટ માર્કહૅમે પિથીઆસની દીર્ઘ સફર તથા જે વિસ્તારમાં એ ઘૂમેલો તેના પરથી તેનું વહાણ ચારસોથી પાંચસો ટનનું, ૧૫૦ થી ૧૭૦ ફૂટ લાંબું અને પરબાણ[૫] સાથેના ચોરસ સઢોવાળું હોવાની કલ્પના કરી છે. વળી, તેણે એમ પણ કલ્પ્યું છે કે આવડા મોટા વહાણમાં ત્રણ સ્તરે મળીને કુલ



મિથીઆસે ક્યા માર્ગે પોતાની સફર કરી હતી તે અંગે ચોક્કસ માહિતી મળતી નથી, પરંતુ એના વિશે જે કંઈ આછીપાતળી વિગતો મળે છે એ પરથી કલ્પના કરીને આ નકશામાં ટપકાંવાળી રેખાથી તેની શોધસફરનો માર્ગ દર્શાવ્યો છે. એ જ રીતે નકશામાં કેટલાંક સ્થળનામ તેણે કરેલા ઉલ્લેખ મુજબના નામથી આપ્યાં છે, અને સાથે કૌંસમાં તે સ્થળનાં આજનાં જાણીતા નામ દર્શાવ્યાં છે, અને તેનાં સ્થાન સમજવા સરળ થાય તે સારુ કેટલાક દેશોનાં નામ પણ કાંસમાં આપ્યાં છે. આમાં હેલ્ગોલૅન્ડ સુધી તો એ ગયો જ હતો, પરંતુ તેથી આગળ બાલ્ટિક સમુદ્રમાં તેમ જ ઓર્કસથી આગળ નૉર્વેની પશ્ચિમ કંઠાર બાજુ એ ગયો હતો કે નહીં તે નિશ્ચિત નથી. નકશામાં જે ચાર સ્થળો પાસે ઝીણા ચોરસ આપ્યા છે ત્યાં પિથીઆસે દિવસની લંબાઈના આધારે ત્યાંના અક્ષાંશ નક્કી કર્યા હતા.

પોણા બસો જેટલાં હલેસાંની સગવડ પણ હશે અને તે અનુકૂળ હવામાન હોય તો રોજ પચાસેક માઈલ કે તેથી વધુ અંતર કાપતું હશે.

મૅસિલીઆથી ઊપડી પિથીઆસ 'હર્ક્યુલીસના સ્તંભો' (પિલર્સ ઑફ હર્ક્યુલીસ–આજના જિબ્રાલ્ટર પાસેની સામુદ્રધુની) વચ્ચે થઈને સેન્ટ વિન્સેન્ટની ભૂશિર વટાવી, એ કાળે ગ્રીક લોકોને જ્ઞાત પ્રદેશોની પાર પહોંચ્યો હતો. ત્યાંથી એનો માર્ગ ઉત્તરમાં ફંટાયો. અહીં એણે એનું પ્રથમ નિરીક્ષણ કર્યું, જ્યાં દિવસની લંબાઈ એણે ૧૫ કલાકની હોવાનું નોંધ્યું હતું. આ સ્થાન ૪૦°–૫૯' ઉત્તર અક્ષાંશ પર હોવું જોઈએ. કદાચ એ 'ઑપોર્ટો' હોય. અહીંથી એ બિસ્કેના ઉપસાગરમાં થઈ ઉત્તરે આગળ વધી બ્રિટન પસાર કરીને કાં તો 'કેન્ટીઅમ' (આજનું કેન્ટ) અથવા 'બેલેરીઅમ' (લૅન્ડ્સ એન્ડ) તરફ ગયો હશે. સમગ્ર બ્રિટનની પ્રદક્ષિણા કરતાં એ આ બંને સ્થળોએ પોતાની સફરના એક યા બીજા તબક્કે પહોંચ્યો તો હતો જ. પિથીઆસે બ્રિટનનું જે વર્ણન આપ્યાનું ડીઓડોરસે લખ્યું છે તે કદાચ પિથીઆસની પોતાની નોંધો ઉપરથી તેણે તારવેલું લાગે છે. એ લખે છે કે–

'આ ભૂમિ સિસિલી જેમ ત્રિકોણાકારે પથરાયેલી છે, પણ તેનાં પડખાં એકસરખાં નથી. યુરોપ તરફ એ ઢાળ પડતી લંબાયેલી છે. લોકો તેને આ ભૂમિનો મુખ્ય ભાગ ગણે છે, અને તેઓ તેને 'કેન્ટીઅમ' કહે છે. યુરોપની તળ ખંડભૂમિથી એ ઓછામાં ઓછી–લગભગ ૧૦૦ સ્ટેડીઆ[૬] જેટલી દૂર છે. દરિયામાં અહીં પ્રવાહ રચાય છે. અહીં 'બેલેરીઅમ' નામનો જે ભૂશિર ભાગ છે તે દરિયાની સપાટીથી ઠીકઠીક ઊંચો ઉપસેલો છે અને ખંડભૂમિથી એ ચાર દિવસની સફર જેટલો દૂર છે. બાકીની ભૂમિ દરિયામાં ફેલાયેલી છે જે 'ઓર્કા' નામે ઓળખાય છે. એની ટૂંકામાં ટૂંકી અને યુરોપ

તરફ ફેલાયેલી બાજુ ૭૫૦૦ સ્ટેડીઆ જેટલી લાંબી છે. ભૂમિ પાસેની સામુદ્રધુની નજીકની ભૂમિ ૧૫૦૦૦ સ્ટેડીઆ, અને બાકીની ૨૦૦૦૦ સ્ટેડીઆ જેટલી છે. આમ, સમગ્ર ટાપુનો ઘેરાવો ૪૨૫૦૦ સ્ટેડીઆ જેટલો છે.'

અલબત્ત, બ્રિટનના ઘેરાવા કરતાં આ માપ વધારે છે, એટલે શક્ય છે કે ડીઓડોરસે લીધેલા અવતરણમાં કંઈક ગેરસમજ હોવી જોઈએ.

કલાઈના ઉદ્યોગ અંગે પિથીઆસે કરેલું વર્ણન પણ ડીઓડોરસે ઉતાર્યું છે. કહે છે, 'બેલેરીઅમની મુખ્ય ભૂમિ પાસેના લોકોનો આતિથ્યભાવ અત્યંત ઊંચો છે. વિદેશી વેપારીઓ સાથેના એમના સંબંધો ઉપકૃતતા અને સૌજન્ય-ભર્યા છે. જમીનમાંથી ખોદી કાઢી કલાઈને ગાળીને તેઓ તેનાં ગચિયાં ઢાળે છે. શુદ્ધ કલાઈનાં આ ગચિયાં તેઓ નજીકના 'ઈક્‌ટિસ' (સેન્ટ માઈકલ્સ માઉન્ટ) મોકલે છે, જ્યાંથી વેપારીઓ આ માલ 'ગૅલીઆ' (ફ્રાંસ) લઈ જાય છે.' પ્લિનીએ ઈક્‌ટિસ વિષેની એક નોંધમાં લખ્યું છે કે, 'ત્યાંના વાસીઓ નેતરની બનાવેલી અને ચામડાથી મઢેલી હોડીઓ(ઉમ્યાક)માં માલની (કલાઈની) હેરફેર કરે છે.'

બ્રિટનના કિનારે જહાજ ફેરવતાં પિથીઆસે ત્રણ વધુ નિરીક્ષણો કર્યાં. પ્રથમ, જે સ્થળે લાંબામાં લાંબો દિવસ ૧૭ કલાકનો હતો ત્યાં. કદાચ એ સ્થાન ફ્લેમબરો હેડ (૫૪°–૨' ઉ. અ.) હશે. બીજું જ્યાં ૧૮ કલાકનો દિવસ હતો. સ્કૉટલૅન્ડની ઉત્તરે ટાર્બેટનેસ પાસે ૫૭°–૫૮' ઉ. અક્ષાંશ પર એ સ્થાન હશે. અને ત્રીજું સ્થાન જ્યાં ૧૯ કલાકનો દિવસ હતો. એ સ્થાન ૬૧° ઉ.અ. પર શેટલૅન્ડ આઈલૅન્ડનું ઉત્તરતમ સ્થળ હશે. પિથીઆસે આ સ્થાનને 'ઓર્કસ' નામે ઓળખાવ્યું છે. અહીં એને 'થુલે' નામથી ખ્યાત અજાણ પ્રદેશ વિષે જાણવા મળ્યું હતું.

પિથીઆસની સાગરખેડનો આ સૌથી વધુ રહસ્યમય ભાગ છે. 'થુલે' એ ખરેખર કયો પ્રદેશ તે વિષે આજેય સ્પષ્ટતા નથી. વળી, પિથીઆસ ત્યાં ગયો હતો કે નહીં એ પણ નિશ્ચિત નથી. કેટલાક તેને શેટલૅન્ડ અને ઓર્કનીના પ્રદેશ સાથે સાંકળે છે, પણ મોટે ભાગે એ આઇસલૅન્ડ કે નૉર્વેનો ભાગ હોઈ શકે. સ્ટ્રાબો અને પ્લિની પિથીઆસને ટાંકતાં નોંધે છે કે 'થુલે બ્રિટનથી ઉત્તરે છ દિવસની સફર જેટલો દૂર છે.' પણ ઉત્તરે કે ઉત્તર-પૂર્વે એ સ્પષ્ટ થતું નથી. સ્ટ્રાબોએ કહ્યું છે કે 'થુલે ઠરીને જામી ગયેલા સમદ્ર પાસે છે.' સોલિનસે લખ્યું છે, 'થુલેથી આગળ જામી ગયેલા સમુદ્ર પાસે પહોંચાય છે.' અને પ્લિનીના કહેવા પ્રમાણે 'થુલેની એક દિવસની સફર પછી જામી ગયેલો સમુદ્ર આવે છે જેને કેટલાક 'ક્રૉનિયમ' કહે છે. આ સંદર્ભો જોતાં આજનો આઈસલૅન્ડ એ પ્રાચીન થુલે હોઈ શકે.

પિથીઆસના જામી ગયેલા સમુદ્રના વર્ણનને ટાંકતાં સ્ટ્રાબો લખે છે : '...ત્યાં ભૂમિ, સમુદ્ર કે હવાનો કોઈ સ્પષ્ટ તફાવત દેખાતો નથી, પણ આ ત્રણે એક થઈ જઈ બધું જ જાણે તરતું લાગે છે...તેના ઉપરથી પગપાળા કે હોડીમાં જઈ શકાતું નથી.' પિથીઆસે અહીં તરતો બરફ, ઠરીને જામી જતું પાણી અને ગાઢ ધુમ્મસ, આ ત્રણેને એક-સાથે જોતાં એને સમુદ્ર બરફ અને આકાશ એકબીજામાં ભળી જતાં જ લાગે એ સ્વાભાવિક છે.

બાબેરીઅન લોકોને ટાંકતાં પિથીઆસે એ ભૂમિને 'સૂર્યની શયનભૂમિ' કહી છે. એનો અર્થ એ કે એ વિસ્તાર ઉત્તર ધ્રુવ-વર્તુળનો હશે. 'એ વિસ્તારમાં રાત બહુ ટૂંકી – ક્યાંક તો બેએક કલાકની જ, કે ક્યાંક ત્રણ કલાકની જણાઈ છે.' એના કહેવા મુજબ '૨૧ કે ૨૨ દિવસ જેટલો લાંબો 'મિડસમર ડે' એ ૬૩° ઉ.થી ૬૫° ઉ. અક્ષાંસનો વિસ્તાર સૂચવે છે. સ્ટ્રાબો કહે છે તેમ 'ઉત્તર ધ્રુવ-પ્રદેશના એ તરતા હિમખંડોનું વર્ણન' હોવાનું પણ માની શકાય. આ પરથી તારવી શકાય કે આઈસલૅન્ડથી એકાદ દિવસની સફર જેટલે આગળ જતાં પિથીઆસે આ જોયું હશે. આમ, અનેક ભૂગાળશાસ્ત્રીઓની જેમ આપણે પણ સફરના આ તબક્કામાં પિથીઆસ ક્યાં પહોંચ્યો હતો એ કેવળ અનુમાનવાનું જ રહ્યું.

થુલેથી પાછા ફરતાં પિથીઆસે 'ગાડિના'થી 'ડૉન' સુધીનો સમગ્ર દરિયાકાંઠો જોયો એમ એનું પોતાનું કહેવું હતું, એમ સ્ટ્રાબોએ નોંધ્યું છે. પરંતુ આ કથન કંઈક કાલ્પનિક લાગે છે. કારણ કે ડૉન પાસે તો એશિયાની સીમા ગણાય છે. છતાં એટલું તો ખરું જ કે હ્રાઈનથી આગળ પિથીઆસે સફર કરી હતી અને જ્યાંથી અંબર મળતું એ ટાપુ સુધી એ ગયો હતો. આ કયો ટાપુ એ તો સમજાયું નથી, પણ કદાચ એ 'હેલ્ગોલૅન્ડ'[૭] અથવા 'શ્લેસવિગ' ટાપુઓમાંનો એક ટાપુ હશે. શ્લેસવિગ ટાપુઓ જર્મની અને ડેનમાર્કની વચ્ચેના ભાગે છે, એ સમયમાં પિથીઆસની આ ખોજનું ઘણું મહત્ત્વ હતું, કેમ કે ગ્રીકો માટે અંબર બહુ જ મૂલ્યવાન હતું. એ કાળે દરિયાનાં મોજાં સાથે અંબર કિનારે ઘસડાઈ આવતું. જર્મ-નિક ટ્યૂટોન લોકો તે એકઠું કરતા. ત્યારે માન્યતા હતી કે અંબર એ સાગરના જળનું જ ઘન સ્વરૂપ છે.

પિથીઆસની સફરના અહેવાલો મળી શકતા હતા ત્યારેય એની આ દીર્ઘ શોધસફરની ખાતરી કરવાનું શક્ય નહોતું. પણ એટલું ખરું કે એ પછી ફિનિશીઓનોની નાકાબંધી વધુ દૃઢ બની હતી, અને પિથીઆસની સફર પછી બ્રિટન કે થુલે

(અનુસંધાન પાન ૪૭ ઉપર)

સત્યજિત રાયની એક રહસ્યકથા

અનુવાદક : સુકન્યા ઝવેરી

ઉપાધ્યાયનું લૉકેટ

પૂર્વકથા : રૂપનારણગઢના રાજા ચંદ્રદેવસિંહે ભેટ આપેલા અતિ મૂલ્યવાન લૉકેટને કારણે ભવાની ઉપાધ્યાય પર કોઈ આફત ન આવી પડે એ સારુ એમની ખોજમાં નીકળેલા ફેલુદા અને એમના સાથીઓ હરદ્વાર, હૃષીકેશ અને ત્યાંથી રુદ્રપ્રયાગ આવી પહોંચ્યા હતા. રૂપનારણગઢના નાનાકુંવર પવનદેવને પણ આ લૉકેટ પોતાની એક વિડીયો-ફિલ્મમાં દર્શાવવું હતું. એક પત્રકાર મિ. ભાર્ગવ પણ ઈન્ટરવ્યૂ લેવાને માટે ઉપાધ્યાયને ખોળી રહ્યા હતા. ફેલુદાને આ બંનેના ઉદ્દેશ અંગે શંકા હતી. રુદ્રપ્રયાગમાં આ સૌ એકઠા થઈ ગયા હતા. અહીં પણ ઉપાધ્યાયનો પત્તો ન લાગતાં પોતપોતાની રીતે સૌ કેદારનાથમાં ઉપાધ્યાયની ખોજ કરવા નીકળ્યા. માર્ગમાં અચાનક એક ટેકરા ઉપરથી ફેલુદા પર એક ભારે પથ્થર ગબડી આવ્યો. ફેલુદા બચી ગયા, પણ એમના મનમાં ખાતરી હતી કે એ પથ્થર અકસ્માત જ એમના પર નહોતો પડયો. દોડીને એમણે ટેકરા ઉપર લપાતા એક આદમીને પકડી પાડયો, અને....

ફેલુદા ઉપર પથ્થર ગબડાવનારને એ કામ એના જ કોઈ જાતભાઈએ સોંપેલું. અને એ માણસ પણ માત્ર ત્રાહિત દલાલ જ હતો. માર્ગમાં વચ્ચે જ ફેલુદાને આગળ વધતા રોકી પાડવા માટેનું આ એક કાવતરું જ હોવાનું સ્પષ્ટ સમજાઈ ગયું.

ફેલુદાએ પેલા માણસે ઓઢેલી ગરમ શાલ ખેંચી લઈને તેના વડે એના બંને હાથ પાછળ બાંધી દીધા અને પછી ઝાડના થડ સાથે તેને બાંધતાં કહ્યું કે યાત્રાળુઓની સાથે-સાથે વચ્ચેવચ્ચે પોલીસ કૉન્સ્ટેબલો પણ હોય છે, તેમાંનો કોઈ મળશે તેને એ અહીં આની પાસે મોકલશે.

લાલમોહનબાબુના કહેવા પ્રમાણે ફેલુદા ઉપર આ રીતે પથ્થર ગબડાવવા પાછળનો છૂપો અર્થ ખરેખર વિચાર કરતા કરી દેતો હતો. કોઈ એક કે વધુ માણસો ફેલુદાને કેદાર-નાથ પહોંચતા રોકવા ઈચ્છતા હતા.

ગૌરીકુંડ અને કેદારની વચ્ચે રામવાડા નામક એક સ્થાન છે. અહીં ચટ્ટી, ધર્મશાળા ને ચા-પાણી માટેની સગવડ છે. યાત્રીઓ અહીં આરામ માટે રોકાય છે. લાલમોહનબાબુને અહીં અર્ધો કલાક આરામ આપવા અમે વિચાર્યું. લગભગ આઠ હજાર ફૂટ કે અઢી હજાર મીટરની ઊંચાઈએ આવેલા આ સ્થળેથી ચોપાસનું પહાડી દૃશ્ય અત્યંત મનોહર લાગતું હતું. લાલમોહનબાબુ તો આનાથી પ્રભાવિત થઈ મહાભારતના મૂડમાં આવી જતાં બોલી ઊઠયા, 'અદ્‌ભુત! આ યાત્રામાં તો મરણ આવી પડે તોય વાંધો નહિ. આવું ગ્લોરીઅસ – દિવ્ય મૃત્યુ તો શ્રેષ્ઠ! સીધું સ્વર્ગ જ મળે!'

'પણ તમે જે રીતે લખીને લોકોને ગપાષ્ટક માલ વેચો છો એ જોતાં તો તમને સ્વર્ગ મળે તેવો સંભવ નથી.' ફેલુદાએ પણ એમની મજાક કરતાં કહ્યું.

'અરે, એમ તો યુધિષ્ઠિર જેવા યુધિષ્ઠિરનેય નર્ક તો ભોગવવું જ પડેલું, તો પછી લાલમોહન ગાંગુલીની શી વિસાત!'

બાકીના સાડા ત્રણ માઈલ દરમિયાન એક ઉલ્લેખનીય ઘટના બની. ચાલતાં-ચાલતાં અચાનક એક જગ્યાએથી કેદારનાથના મંદિરનું શિખર દેખાયું. યાત્રાળુઓએ 'જય કેદાર'ની ઘોષણા કરી. કોઈએ માથું નમાવ્યું, કોઈએ હાથ જોડયા તો કોઈએ વળી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાનો ભક્તિભાવ પ્રકટ કર્યો. પણ આગળ ચાલવા માંડતાં ફરી એ મંદિર-શિખર પહાડ પાછળ અદૃશ્ય થઈ ગયું, અને પછી તો છેક કેદાર પહોંચ્યા ત્યારે જ તેનું દર્શન થયું. પાછ-ળથી મને જાણવા મળ્યું કે એ ખાસ જગ્યાએથી થતા દર્શનને લોકો 'દેવ-દેખની' કહે છે.

કેદાર પહોંચતાં-પહોંચતાં સાંજના સાડા પાંચ વાગી ગયા. એ વખતે હજી દિવસનો પૂરતો ઉજાસ હતો. ચારે તરફ પહા-ડનાં ઊંચાં શિખરો ઉપર હજી તડકો ઝળહળતો હતો.

લગભગ આખો દિવસ પહાડમાં ચઢાણ ચડયા પછી અચાનક સામે સમતલ ભૂમિ જોતાં જે ભાવ જાગે તે લખીને સમજાવવો મારા માટે મુશ્કેલ છે. એટલું જ કહી શકું કે દૃષ્ટિ ઉપર અવિશ્વાસ, આનંદ બધું જ જાણે એક સાથે મનમાં જાગી ઊઠે, અને તેની સાથે કૃતજ્ઞતા ભરેલો એક અદ્‌ભુત શાંત ભાવ. યાત્રાળુઓના મનમાં ભક્તિભાવને કદાચ આ રીતે જ બળ મળતું હશે.

ચારે બાજુ પથ્થર જડેલી ભૂમિ ઉપર સૂઈને, બેસીને કે ઊભાઊભા લોકો 'જય કેદાર' 'જય કેદાર' કરતા હતા. નજર સમક્ષ ત્રણ બાજુએ બરફ-આચ્છાદિત પહાડોથી ઘેરાએલું કેદારનાથનું મંદિર ખડું હતું. અહીં રહેવા માટે કોઈ સ્થળની તપાસમાં અમે લાગી ગયા.

અહીં એક હૉટેલ 'હિમલોક' છે, પણ તેમાં જગ્યા નહોતી. બિરલા રેસ્ટ-હાઉસ પણ ભરચક હતું. એક રાત કાઢવાનો જ પ્રશ્ન હોઈ અમે ગમે ત્યાં જગ્યા લેવા તૈયાર હતા. અંતે કાલીકમલીવાળાની ધર્મશાળામાં અમે ઊતર્યા. સામાન્ય ભાડું આપતાં ગાદલાં-ઓશિકાં ને ગરમ ધાબળાનીયે વ્યવસ્થા થઈ ગઈ.

દરમિયાન કેદારનાથનું મંદિર થોડી વાર પહેલાં જ, એટલે કે છ વાગ્યે બંધ થઈ ગયું હતું. હવે કાલે સવારે આઠ વાગ્યે ખૂલશે, એટલે લાલમોહનબાબુનું ભગવાનની પૂજા કરવાનું કામ કાલ ઉપર મોકુફ રાખ્યું છે. અત્યારે આ ઘડીએ તો જેની જરૂર છે એ ગરમાગરમ ચા. અમારા ઉતારામાંથી નીચે આવીએ કે પાસે જ ચાની દુકાન હતી. કાશી-વિશ્વનાથની ગલી જેવી જ આ કેદારનાથની ગલી હતી. દુકાનો બધી અસ્થાયી. કારણ નવેમ્બરથી એપ્રિલ સુધી તો બરફ પડવાને કારણે અહીં કોઈ જન-પ્રાણી ન રહે.

મેં તો ધારેલું કે દિવસભરના ચાલવાના શ્રમ પછી લાલ-મોહનબાબુ જરૂર આરામ કરવા ઈચ્છશે, પણ તેઓ તો કહે કે તેમના રોમરોમમાં નવી એનર્જી ધબકતી હતી. મને કહે, 'તપેશ, આ છે કેદારનાથનો મહિમા!'

કાશીની જેમ અહીં કેદારની ગલીમાં યે મોટે ભાગે પૂજાની સામગ્રી વેચાતી હતી એ તો ઠીક, પણ બનારસની પેલી અતિ જાણીતી વાસ પણ જાણે અહીં પ્રસરેલી હતી.

અમે ત્રણે જણ મસાલાવાળી ગરમ ચા પીતા હતા ત્યાં અચાનક જાણીતો અવાજ સંભળાયો: 'ઉપાધ્યાયની ભાળ મળી?'

નાનાકુંવર પવનદેવ પૂછી રહ્યા હતા. અત્યારેય એમના હાથમાં કૅમેરા અને કમરે બેલ્ટ સાથે લટકાવેલું સાઉન્ડ રેકોર્ડિંગ માટેનું યંત્ર હતું.

'અમને અહીં પહોંચ્યાને હજી વીસેક મિનિટ જ થઈ છે.' ફેલુદાએ ઉત્તર આપ્યો.

'હું તો બપોરે અઢી વાગ્યે આવી ગયો. જે સાંભળ્યું એ પરથી તો લાગે છે કે તેઓ તો પૂરેપૂરા સાધુ બની ગયા છે. વેષ-પરિધાન પણ સાધુ જેવા, હવે વિચાર કરો કે અહીં આટલા બધા સાધુઓમાં એમને ખોળી કાઢવા એ કેવું અઘરું કામ છે! વળી, એક વાત એ પણ નક્કી છે કે એમણે પોતાનું નામ પણ બદલી નાખ્યું છે, કારણ કે ઉપાધ્યાય નામની વ્યક્તિને અહીં કોઈ ઓળખતું નથી.'

'તમે કોશિશ જારી રાખો. અમે પણ એમને ખોળવા પ્રયત્ન કરીએ છીએ.' ફેલુદાએ કહ્યું.

પવનદેવ તો પછી ચાલ્યા ગયા, પણ હજીય તેઓ અમારે માટે એક કોયડો જ બની રહ્યા હતા.

ચા પીને અમે બેચાર ડગલાં ચાલ્યાં જ હોઈશું કે ફરી એક પરિચિત બંગાળી અવાજ કાને પડયો: 'અરે! તમે પણ આવી પહોંચ્યા? કેમ, કેવું લાગે છે? અહીં આવ્યું સાર્થક લાગે છે ને? કહો.'

ટ્રેનમાં અમને મળેલા માખનલાલ મજુમદાર હતા એ.

'સોળે સોળ આના સાર્થક. હજુ અમારો કેફ કે નશો ઊતર્યો નથી.' ફેલુદા બોલ્યા.

'હરદ્વારનું કામ પતી ગયું?'

'ન થયું એટલે જ તો અહીં આવ્યા. એક જણને શોધીએ છીએ. પહેલાં એ હરદ્વારમાં હતા. ત્યાં ગયા તો સાંભળ્યું કે એ રુદ્રપ્રયાગ ગયા છે. રુદ્રપ્રયાગ પહોંચ્યા તો ખબર પડી કે એ અહીં કેદારનાથ આવ્યા છે!'

'કોની વાત કરો છો તમે?'

'ભવાની ઉપાધ્યાય નામના એક સજ્જનની.'

'ભવાની!' માખનબાબુ આશ્ચર્ય પામતાં બોલી ઊઠયા, 'તમે ભવાનીને શોધો છો? અને એ વાત તમે આટલા દિવસે મને કહી?'

'કેમ? તમે એમને ઓળખો છો?'

'ઓળખો છો એટલે? અરે, સાઠ વર્ષથી એમના પરિચયમાં છું. એક જ વાર દવાની ગોળી આપી એમણે મારા પેટનું અલ્સર મટાડી દીધું હતું. એમણે હરદ્વાર છોડયું તે પહેલાં પણ મને મળેલા. એ વખતે એમનામાં વૈરાગ્યનો ભાવ પ્રકટયો હોય એવું મને લાગેલું. રુદ્રપ્રયાગ જવાની પોતાની ઈચ્છા ત્યારે મને કહી હતી. મેં કહેલું કે બસ આવતીજતી થઈ જતાં હવે રુદ્રપ્રયાગ પહેલાં જેવું રહ્યું નથી એટલે તમે જપ-તપ કરવા ઈચ્છતા હો તો સીધા કેદારનાથ જ ચાલ્યા જાઓ. મને લાગે છે કે ત્યારે એમના મનમાં થોડી અવઢવ હશે એટલે થોડો સમય એ રુદ્રપ્રયોગ રહ્યા હતા, પણ હાલમાં તો એ અહીં જ છે.'

'એ તો ખબર છે, પણ અહીં એ કયાં છે?'

'ગામમાં તો એ નહિ મળે, ભાઈ. હાલમાં તો તેઓ ગુફામાં રહે છે. 'ચોરાબાલી-તાલ' નામ સાંભળ્યું છે? અત્યારે તેને 'ગાંધી સરોવર' કહે છે.'

'હા, એ નામની ખબર છે.'

'એ ચોરાબાલી-તાલમાંથી મંદાકિની નદી નીકળે છે. એ નદીનું ત્યાં મૂળ છે. કેદારનાથની પાછળ પથ્થરો અને બરફ ઉપર થઈને ત્રણેક માઈલ ચાલવું પડે. ત્યાં સરોવરને કિનારે એક ગુફામાં ભવાની રહે છે. ઉપાધ્યાય અંશ એમના નામમાંથી ઊડી ગયો છે, અને હવે તો એ છે ભવાનીબાબા. એકલા જ રહે છે. આસપાસ કે આજુબાજુમાં બીજું કોઈ નથી રહેતું. કાલે સવારે તમે પ્રયત્ન કરો તો મળી શકશો.'

'આ વખતે તમે એમને મળ્યા છો?'

'ના. પણ અહીંના સ્થાનિક લોકો પાસેથી એમના સમાચાર મળ્યા છે. કયારેક કયારેક ફલમૂળ માટે એમને અહીં બજારમાં આવવું પડે છે.'

'તમે અમારા પર અત્યંત ઉપકાર કર્યો છે, મિ. મજુમદાર!' ફેલુદાએ કહ્યું, અને પછી પૂછયું, 'અચ્છા, પણ એમના ભૂત-કાળ વિષે અહીં કોઈને જાણ હશે ખરી?'

'એ તો જાણે જ ને! કારણ એમણે હજુ દવા આપવાનું સાવ બંધ નથી કર્યું. આ કેદારનાથના મહંત જ કહેતા હતા કે ભવાનીએ તાજેતરમાં જ એક છોકરાનો પોલીઓ મટાડયો હતો. પણ હું માનું છું કે થોડા સમય પછી તેઓ લોકોના ઈલાજ કરવાનું પણ છોડી દઈ પૂર્ણત: સંન્યાસી બની જશે.'

'એક આખરી સવાલ પૂછું. તેઓ મૂળ કયાંના છે એ વિષે કંઈ જાણો છો?'

'એ વિશે તો કદી એમને પૂછ્યું નથી, મારી સાથે તો તેઓ હમેશાં હિંદીમાં જ વાતચીત કરતા, અને એમના હિંદીમાં બીજા કોઈ પ્રદેશની છાપ કે છાંટ મને કદી લાગી નથી.'

આ પછી માખનલાલ અમારાથી છૂટા પડી ચાલ્યા ગયા. થોડી વાર પછી લાલમોહનબાબુ આવ્યા. અમારાથી છટા પડી એ કોઈ જોડે વાતો કરવા રોકાયા હતા. એક બટકા માણસ સાથે પાછા આવી કહે, 'બિરલા ગેસ્ટ-હાઉસમાં કોઈએ આપણને બોલાવ્યા છે.'

'કોણે બોલાવ્યા છે?'

'મિ. સિંઘાનિયાએ.' લાલમોહનબાબુ સાથેના માણસે કહ્યું.

નામ સાંભળતાં જ ફેલુદાનાં ભવાં સંકોચાયાં. અમારી તરફ ફરીને એ ધીમેથી બોલ્યા, 'મને લાગે છે કે આ પેલા જ સિંઘાનિયા હશે જે એક માણસની સાથે હરદ્વારમાં ઉપાધ્યાયને મળવા ગએલા. આપણે એમને થોડો સમય આપી શકીએ.' પછી પેલા બટકા તરફ જોઈ બોલ્યા, 'અચ્છા, ચલીએ.'

ચારે તરફનાં ઊંચાં હિમાચ્છાદિત શિખરો ઉપર સૂર્યપ્રકાશ ચળકતો હતો. કોઈ સોનેરી, કોઈ લાલ તો કોઈ ગુલાબી એમ એ શિખરો વિવિધ તેજમાં ઝળહળતાં હતાં, પણ કેદાર ગામ ઉપર તો અંધકાર ઊતરી આવ્યો હતો.

બિરલા ગેસ્ટ-હાઉસ કેદારનાથના મંદિરની પાસે જ હતું. ત્રણેક મિનિટમાં અમે ત્યાં પહોંચી ગયા. જોતાં જ લાગ્યું કે અહીં રહેવા-ઊતરવાનું આ સૌથી સારું સ્થાન હતું. ઓછામાં ઓછું સ્વચ્છતાની દૃષ્ટિએ તો ખરું જ. જમવાનું અહીં કેવું હશે એ તો ખબર નથી, પણ સાંભળ્યું છે કે કેદારમાં બટાટા સિવાય ખાસ કંઈ જવલ્લે જ મળે છે.

પેલો માણસ અમને ગેસ્ટ-હાઉસના પહેલા માળે એક ખંડમાં દોરી ગયો. ખાસ્સો મોટો ખંડ હતો, અને તેમાં ચારે તરફ ચાર મોટી ગાદીઓ પાથરેલી હતી. છતમાંથી લટકતા એક લોખંડી પાઈપમાંથી નીકળતી ત્રણત્રણ શાખાના છેડે વીજળીના ગોળા ટમટમતા હતા. કેદારનાથમાં વીજળીની સગવડ છે ખરી, પણ તેનો પ્રકાશ બિલકુલ તેજ નહોતો.

ખંડમાં પ્રવેશી અમે એકાદ મિનિટ રાહ જોતા ઊભા, એટલામાં જેમણે અમને બોલાવેલા એ સજ્જન આવ્યા.

જ્યારે ધાર્યું હોય તેવું ન બને ત્યારે મન:સ્થિતિને સ્વાભાવિક થતાં જરા વાર લાગે છે. 'સિંઘાનિયા' નામમાં 'સિંહ' સમાયેલો છે એથી મેં તો કોઈ પ્રતિભાવાન વ્યક્તિની કલ્પના કરેલી, પરંતુ જે સજ્જન આવ્યા તેઓ તો મધ્યમ બાંધાના હતા. એમનો સ્વભાવ પણ મધ્યમ ગંભીર લાગ્યો, અને અવાજ પણ ન ભારે ન તીણો એવો મધ્યમ. માત્ર વળ ચડાવેલી મોટી મૂછને લીધે એમનું વ્યક્તિત્વ કંઈક વજનદાર લાગતું હતું.

'માય નેમ ઈઝ સિંઘાનિયા. પ્લીઝ બી સીટેડ.' આવતાં જ એ બોલ્યા.

અમે ત્રણ જણ બે ગાદી ઉપર બેઠા. સામેની ત્રીજી ગાદી ઉપર સિંઘાનિયા બેઠા. અમારી વાતચીત કંઈક હિંદી, કંઈક અંગ્રેજીમાં થઈ.

'હું તમારી ખ્યાતિથી વાકેફ છું, મિ. મિટર. પણ તમારી સાથે વાત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત નહોતું થયું.'

'મુસિબતમાં ન હોય તો કોઈ મને બોલાવે નહિ, તેથી પરિચય થવાની તક ન મળે એ સ્વાભાવિક છે.' ફેલુદાએ કહ્યું.

'જોકે મેં મુસિબતમાં પડીને તમને નથી બોલાવ્યા.'

'જાણું છું. તમારું નામ પણ મેં સાંભળ્યું છે. જોકે સિંઘાનિયા તો ઘણા હોય, એથી જેનું નામ મેં સાંભળ્યું છે તે તમે જ છો એમ ન કહી શકું.'

'તમે મારું નામ કઈ રીતે સાંભળ્યું એ જાણવાને હું અતિ ઉત્સુક છું. મને તેમાં રસ છે.'

'તમે કદી હરદ્વાર ગયેલા?'

'ચોક્કસ.'

'ત્યાં ભવાની ઉપાધ્યાય નામના એક સજ્જનને મળેલા?'

'હા, મળ્યો હતો. પણ તમને કેવી રીતે જાણ થઈ?'

'ઉપાધ્યાયના મકાન-માલિકે મને કહેલું કે મિ. સિંઘાનિયા અને એક બીજા સજ્જન ઉપાધ્યાયને મળવા આવેલા.'

'બીજું કંઈ ન કહ્યું?'

'કહેલું કે તમે ઉપાધ્યાયને લલચાવે તેવો એક પ્રસ્તાવ કરેલો, પણ ઉપાધ્યાય એ લોભલાલચને વશ થયેલા નહિ.'

'આ ઉપાધ્યાય પણ ખરેખર કમાલનો વિચિત્ર આદમી છે! મેં એના જેવો બીજો માણસ જોયો નથી. તમે જ વિચારી જુઓ, એ માણસની મહિનાની આવક પાંચસોથી વધારે નહિ હોય, કેમ કે ગરીબોને તો મફત દવા આપે છે. એ માણસને મેં પાંચ લાખ રૂપિયાની ઑફર કરી હતી. એની પાસે એક અતિ મૂલ્યવાન પેન્ડન્ટ છે એ તમે જાણતા હશો એમ હું માનું છું. બનતાં સુધી એ એક જમાનામાં ત્રાવણકોરના મહારાજા પાસે હતું.'

'એની મને ખબર છે. પણ મને તો એ જાણવાનું કુતૂહલ છે કે તમે એ લૉકેટની વાત કયાંથી જાણી. હકીકતે એ

વાત રાજ્યની ખૂબ નજીકની પાંચ-છ વ્યક્તિ સિવાય કોઈ જાણતું નથી!'

'મને એની જાણ એમની એક બહુ નજીકની વ્યક્તિ પાસેથી જ થયેલી. દિલ્હીમાં મારો ઝવેરાતનો ધંધો છે. મારી પાસે એ લૉકેટની વાત રૂપનારાયણગઢના મૅનેજર મિ. પુરીનો દીકરો દેવીશંકર પુરી લઈ આવેલો. એણે મને એ લૉકેટ ખરીદી લેવા કહેલું. નેચરલી એને મારી પાસેથી કમિશનની આશા રાખી હતી. અમે હરદ્વાર ગયા, પણ ઉપાધ્યાયે એને તે વેચવાની ચોખ્ખી ના પાડી. પુરીનો ઉત્સાહ માર્યો ગયો, પણ મને એ ખરીદવાનો લોભ છે. મને આશા છે કે હજી પણ જો હું કોશિશ કરું તો કદાચ ખરીદી શકું. એ વખતે તો ઉપાધ્યાય વૈદું કરતા અને લોકોની સેવા કરતા હતા. હવે તો એ સંન્યાસી બની ગયા છે, અને સંન્યાસીને આવી પાર્થિવ વસ્તુ પર આસક્તિ હોય એ અજબ નથી લાગતું? હું એમને હજી એક વાર મળવા ઈચ્છું છું.'

'ભલે, તો મળો ને!'

'એ તો અશક્ય છે, મિ. મિટર. તેઓ એવી જગ્યાએ રહે છે કે ત્યાં મારાથી પહોંચાય નહિ. હું તમને એક વાત પૂછું?'

'પૂછો.'

'તમે અહીં કેમ આવ્યા છો?'

'મૂળ આશય તો ભ્રમણાનો જ છે. જોકે મને ઉપાધ્યાયને માટે માન પણ છે, એટલે જો કોઈ એમનું અનિષ્ટ કરવા પ્રયાસ કરશે તો તેને હું રોકીશ.'

'તમને કોઈએ આ માટે રોકયા તો નથી ને?'

'ના.'

'તો મારા વતી કામ કરશો?'

'શું?'

'તમે ઉપાધ્યાયને મળો અને એને સમજાવીને એ લૉકેટ મને અપાવો. હું એને પાંચ લાખ રૂપિયા આપીશ, અને તમને દસ ટકા. તેઓ પોતે પૈસા લેવા ન ઈચ્છતા હોય તો એમના વારસદાર કે તેઓ જેને કહે તેને એ રકમ આપીશ.'

'પણ એ લૉકેટમાં રસ ધરાવતી બીજી પણ એક વ્યક્તિ અહીં છે એ તમે જાણો છો?'

'રૂપનારાણગઢનો નાનોકુંવર?'

'તો તમે જાણો છો ખરા!'

'ના. મને ખબર નહોતી. પણ આજે સાંજે મિ. ભાર્ગવ નામનો છાપાનો એક માણસ આવેલો. કેદાર આવીનેય છાપાવાળાની ડખલ સહેવી પડશે એવો તો મને ખ્યાલ જ નહોતો! ખેર, એ તો જે હોય તે, પણ એણે જ મને આ ખબર આપ્યા. પણ એના કહેવા પ્રમાણે તો નાનોકુંવર અહીં ફિલ્મ ઉતારવા આવ્યો છે.'

'એ હું જાણું છું, પરંતુ એની ફિલ્મમાં ઉપાધ્યાય અને પેલા લૉકેટની મોટી ભૂમિકા છે.'

આ સાંભળીને સિઘાનિયાનો ચહેરો ઊંદર જેવો થઈ ગયો. હાથ જોડતાં એ બોલ્યા, 'પ્લીઝ મિ. મિટર, મહેરબાની કરીને તમે મને મદદ કરો.'

'તમે મિ. ભાર્ગવને આ વિશે કંઈ કહ્યું નહિ?'

'શું હું એવો મૂરખ છું? મેં તો હું અહીં યાત્રા કરવા આવ્યો છું એમ જ કહ્યું છે. કેદાર આવવા માટે અન્ય કંઈ ખાસ કારણ હોવું જરૂરી થોડું છે?'

'કારણ કે મિ. ભાર્ગવને પણ ઉપાધ્યાયમાં રસ છે. પણ એ તો છાપામાં લખવાની સામગ્રી માટે.'

'પણ તમે હજી મારા પ્રશ્નનો ઉત્તર આપ્યો નહીં.'

'મિ. સિઘાનિયા, હું તમને એટલું કહી શકું કે તમારો પ્રસ્તાવ હું ઉપાધ્યાયને પહોંચાડીશ. જો તેઓ હવે આ લૉકેટ પોતાની પાસે રાખવા ઈચ્છતા ન હોય તો કદાચ કોઈને સોંપતા જવાનો પણ એમને ખયાલ હોઈ શકે. તેથી અત્યારે હું તમને વચન નથી આપતો, અને કંઈ નક્કી કરવાની પણ અત્યારે જરૂર નથી. એમને મળીને જે યોગ્ય લાગશે તે પ્રમાણે કરીશું, એ બરાબર ને?'

'વેરી ગુડ, મિ. મિટર, થૅન્ક યૂ.'

બહાર આવ્યા ત્યારે રાત પડી ચૂકી હતી. કેદાર ગામમાં શાંતિ વ્યાપી ગઈ હતી. ઘર, મકાન, દુકાન કે રસ્તાની બત્તીઓ બુઝાવાના વાંકે મંદમંદ જલતી હતી. આમાં એક સ્થળે ઉજ્જવળ પ્રકાશ જોઈ નવાઈ લાગી. આગળ વધતાં ખબર પડી કે પાવરફૂલ બેટરીના અજવાળે પવનદેવ કેદારની એ ગલીને ફિલ્મમાં ઉતારી રહ્યા હતા. અમને જોઈ જતાં ફેલુદાને પૂછ્યું, 'ઉપાધ્યાયની ભાળ મળી?'

એનો ઉત્તર ન આપતાં ફેલુદાએ સામો પ્રશ્ન કર્યો, 'તમે ક્યાં ઊતર્યા છો?'

'અહીં પંડાઓ ઘર ભાડે આપે છે એ તો જાણતા હશો. તેમાંના એકમાં ઊતર્યો છું—આ ડાબી બાજુના માર્ગ ઉપર બે મકાન છોડીને જમણા હાથનું મકાન.'

'ભલે તો. હું પછી આવીને તમને મળું છું.' ફેલુદાએ કહ્યું અને અમે અમારા ઉતારા તરફ ગયા.

અચાનક લાલમોહનબાબુ બોલી ઊઠયા, 'આ નાનાકુંવર કેવા માણસ છે એ તો ખબર નથી, મોશાય, પણ સિઘાનિયા માણસ જબરો લાગ્યો.'

'શી રીતે જાણ્યું?' ફેલુદાએ પૂછ્યું.

'તમે જ્યાં બેઠા હતા ત્યાંથી કદાચ નહિ દેખાયું હોય, પણ હું બેઠો હતો ત્યાંથી મેં જોયું કે એના ડાબા ખિસ્સામાં એક ટચુકડું ટેપ રેકૉર્ડર હતું. વાત શરૂ કરતાં પહેલાં એણે એ ટપ લઈને ચાલુ કરી દીધેલું.'

(અનુસંધાન પાન ૪૯ ઉપર)

નિર્મૂળ

ભગીરથ બ્રહ્મભટ્ટ

ઋત્વિજ પ્લેનમાંથી ઊતર્યો, એને લેવા માટે મોટું વૃંદ હાજર જ હતું. એકનજરે સૌને ઓળખવા તેણે પ્રયાસ કર્યો. બધાંને ન ઓળખી શક્યો. મોટાભાઈની આંખો, ભાભીની દેહલતા, બાની ઉંમર વગેરેમાં તેણે ફેરફાર જોયો. તેનાં ફોઈફુવાને પણ પહેલી નજરે તો ન ઓળખી શક્યો.

ઋત્વિજ આમ તો ચૌદ વર્ષે સ્વદેશ પાછો ફર્યો હતો. તેને ટેક્નિકલ અભ્યાસમાં નિપુણતા પ્રાપ્ત કરવા વિદેશ જવાનું થયેલું. ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગનું ખાસ શિક્ષણ મેળવી તે વતનમાં પાછો આવ્યો હતો. રામના વનવાસ જેટલો જ કાળ તેણે પરદેશમાં પસાર કર્યો હતો. ચૌદ વર્ષ પછી તેણે માતૃભૂમિ પર પગ મૂક્યો. ટોળે વળેલાં લોકો. ટોળું જોઈને જ તે ચમક્યો. સ્વદેશની ત્રુટિઓ તેના માનસપટ પર ક્રમશ: લખાતી ગઈ. મનમાં એમ પણ થયું કે આપણા લોકોને કેટલીક બાબતોનું ખાસ શિક્ષણ આપવું જોઈએ. ભાડાની ટેક્સી કરી, ગામ જવા રવાના થયો. ટેક્સીમાં બેઠાંબેઠાં જ તેણે સૌ સાથે થોડી વાતો-ચીતો કરી. ટેક્સીમાં વધારે પડતો અવાજ થવાને કારણે તેણે ડ્રાઈવરનું ધ્યાન પણ દોર્યું, ત્યારે ડ્રાઈવરે કહ્યું, 'અમને કંઈ હવાદ થતો હશે? મોટર છે તે થાય...' ઋત્વિજ પછી તો કંઈ ન બોલ્યો. તેણે સૌના ચહેરા તરફ જોયા જ કર્યું. થોડા સમાચાર પૂછ્યા. પછી કહે, 'મા, આપણા ખેતરમાં કેરીઓ આવી ગઈ હશે નહીં?' બા હસ્યાં : 'ઠેઠ જૈને આયો, નોયે સેતરની કેરીને ભૂલ્યો નથી.'

ટેક્સી વેગમાં હતી. હલાવી હલાવીને ભરેલી મિશ્રિત દવાની શીશી જેવું શહેર પસાર થઈ ગયું. ખેતરોની સૃષ્ટિ શરૂ થઈ. ગામ નજીક આવતું રહ્યું. ઋત્વિજને આનંદ થયો. નહેરોના અભાવને કારણે પડતર રહેલી જમીનને તે જોઈ રહ્યો. એટલામાં જ બાએ કહ્યું : 'જો બેટા! પેલું ... આપણું સેતર.'

દૂર દૂર સુધી નજર ફેલાવી ઋત્વિજ ખેતરને માણી રહ્યો. ટેક્સી એની આંખોને ખેતરમાં મૂકી આગળ નીકળી ગઈ. ધીરેધીરે તે વતનમય—ખેતરમય બનતો રહ્યો.

ઋત્વિજને ખેતર સાથે ખાસ પ્રકારનો સંબંધ હતો. તેના મિત્ર ખેડુ ગાભુ સાથે તેણે ખેતરને ખૂબ માણ્યું હતું. નાનો હતો ત્યારે ચડ્ડી-પહેરી ખેતરે જતો, ગાભુ ખેતરના બાજુના ઝૂંપડામાં રહે. બંને સાથે ખેતરની ચોકોર ફરતા અને ઊભો મૉલ આંખોમાં ભરતા.

ખેતરની લીલાશ એના લોહીમાં ધબકવા લાગતી. આજેય એ સ્વરૂપે ધબકી રહી છે. ગાભુ સાથે તેણે ખેતર વચ્ચે બેસીને ફૂટતા અંકુરો, પૂરા ઊગ્યા પહેલાંના મગફળીના દાણાનો દેખાવ, રોજરોજ એમાં થતા ફેરફારો એણે ગાભુ સાથે જોયા હતા. ઘઉંનો દાણો ફૂટીને બહાર આવે ત્યારે તે ગાભુને કહેતો, 'કેવો સીધોસીધો ઊગે છે!' હવે એને ખબર પડી કે જનમતાં તો બધાં જ સીધાં હોય છે, પણ ત્યાર પછી જ...

ગાભુ ક્યારેક કહેતો, 'રાયડામાં બહુ નિંદામણ થયું છે.' હવે એને ખબર પડી કે મૂળ મૉલ સાથે અન્ય વનસ્પતિ પણ માથું ઊંચકે છે. જરૂરત પ્રમાણે તેનું મૂલ્ય અંકાય છે. તુવેર-મગના છોડવાઓને જ્યારે શીંગો બેસતી ત્યારે તો પીળ-ચટ્ટાં ફૂલોવાળો છોડવો જે તુવેરનો હતો તે છોકરી જેવો લાગતો, જાણે કે ઉંમરમાં આવેલી છોકરી! ગુવારને ગાભુ તોફાની છોકરા તરીકે ઓળખતો. બાજરીનાં દુધાળાં ડૂંડાંને તે જોયા જ કરતો. ક્યાંકથી ચકલી આવે, એના ઉપર બેસે, છોડવો ડોલે, લચે, હલે, લળે, ઢળે. ચકલી હળવેથી એક દાણો ચૂગે, તળાવમાંથી પાણીનો ઘૂંટડો ભરે એમ. એ ચિત્રને માના ખોળામાં સૂતાંસૂતાં સ્તનપાન કરતા શિશુ સાથે મૂકવાનું મન થતું જાણે!

ઋતુએ ઘર આવતાં એકદમ પૂછ્યું, 'બા, ગાભુ શું કરે છે?'

'ભૈ, એ રિયો, એ તો મોટો થૈ જ્યો, મજૂરી કરે છે.'

ગાભુ વિવિધ સ્વરૂપે મનમાં ઊગ્યો. દોડતો, રાઈનો છોડ બતાવતો, રાજગરાના છોડવાને તોડતો, પાણી પાતો, ગુવાર બતાવતો, તુવેર હલાવતો, શેઢો વાઢતો, પોંક પાડતો, માંચડે બેસતો, કેરીઓ પાડતો. મને વિદાય આપતો ગાભુ કેવોક હશે? ઓળખશે? લગન કર્યાં હશે એણે? આંબો સાચવતો હશે? આંબો — ઘટાઘનઘોર આંબો એને યાદ આવ્યો. એ આંબા પર આખું શૈશવ હેલારા લઈ રહ્યું હતું. એની પ્રત્યેક ડાળ પર જંપન હડદોલા લખાયા છે. એના થડ સાથે એણે દોસ્તી કરેલી. અમેરિકામાં લલના સાથેની દોસ્તી કરતાં એ આંબાની દોસ્તીમાં વધારે દૈવત તેને દેખાયું. એની પ્રત્યેક કેરી ભાવનું પરિપક્વ ફળ. આંબાની અને ગાભુની યાદમાં જ તે ખોવાયો, પરોવાયો. તૈયાર થઈને નીકળ્યો સીધો ખેતરે.

ગાભુ ઘરમાં બેઠોબેઠો કાગળ વાંચવાનો અભિનય કરતો હતો. એકડોય ભણ્યો નહોતો, ભણવા કોશિશ પણ નહોતી કરેલી. એના અભણપણામાં સંસ્કારિતા ક્યારેય મુરઝાઈ નહોતી. ઋત્વિજે ચૂપચાપ ગાભુની પાછળ જઈ તેની આંખો પર હાથ ઢાંકી દીધો. ગાભુના હાથમાં ઋત્વિજનો લખેલો ઘણા વખત પહેલાંનો કાગળ હતો. હાથ છોડાવતાં ગાભુ બોલ્યો,

'તારા હાથ તો બહુ લાંબા થ્યા ને! ઠેઠ અંબેરિકાથી આંય સેતરમાં?'

'તેં મને કેવી રીતે ઓળખ્યો, ગાભુ?'

લઘુકથા

પ્રશ્ન....

મુકુન્દ દે. ભટ્ટ

ખુશાલ મૂંઝાતો હતો.

તેના શેઠ સાથે એ 'લશ્કરી મેળો' જોવા ગયો હતો.

તેણે મોટીમોટી તોપો જોઈ!! કો'ક ગોળ-ગોળ ફરતી હતી, મસ-મોટું નાળચું આકાશભણી ઊંચું રાખીને!! તો, કો'કમાં, કાળકાની જીભ જેવી લાલ બત્તીઓ ઝબકારા મારતી હતી! વળી, કેટલીક તોપમાંથી તો માણસ મૂંઝાઈ મરે એવા નીકળતા હતા ધુમાડાના ગોટમગોટ!

અરે! તોપના ગોળા પણ કેવા!

સોગઠાંબાજીનાં સોગઠાં જેવા, પણ ખૂ......બ મોટા! કેટલાક પાણીમાં ને કેટલાક હવામાં ફૂટે એવા!

શેઠે તેને 'ચાટસ્ટૉલ' ઉપર ખાવા કહ્યું, પણ આમ ઊભાઊભા ખાવાનું કેમ જાણે તેને ગમ્યું નહીં. શેઠનું કુટુંબ નાસ્તો કરતું હતું. ચકમકતા ડ્રેસમાં મશીનની જેમ ચાલતા જુવાનો ને ઝપાટાબંધ પસાર થતાં લશ્કરી વાહનોને તે દિઙ્મૂઢ બની જોતો રહ્યો.

રાત્રે સૌ પાછાં વળ્યાં ત્યારે બધાં આનંદમાં હતાં. કેમે કરી ખુશાલ પોતાના મનનું સમાધાન કરી શકતો ન હતો. બીજા કોઈને તો પૂછવાની હિંમત ન થઈ, પણ અંતે એ મોટરનું બારણું બંધ કરતા ડ્રાઈવરને પૂછી બેઠો, 'હેં...... આટ......આટલા ખરચા, હું લેવા? અન, આવડી મોટી તોપો, ગોળા...હું લેવા?'

હજી ડ્રાઈવર કાંઈક જવાબ વાળે તે પહેલાં તો બંગલાનાં પગથિયાં ચઢતાં શેઠ હસતાહસતા બોલી ઊઠયા, 'માણસને મારવા સ્તો... પણ ખુશાલ, આ બધું તને નહીં સમજાય, તું તારે આપણાં ખેતરો ખેડી ખા... સુખપરમાં.'

શેઠ અને ડ્રાઈવરના અટ્ટહાસ્યના અતૂટ કોચલામાંથી બહાર નીકળી તે હવે પ્રશ્ન નહીં પૂછી શકે તેની ખુશાલને મનોમન ખાતરી થઈ ચૂકી હતી. □

'જમણા અંગૂઠા પર એંધાણી નહીં?'

ગાભુએ એ એંધાણે ઋત્વિજને ઓળખ્યો. એ ગજબનો છોકરો હતો. બંને ભેટયા. ગાભુએ ગોદડી પાથરી ઋત્વિજને બેસાડયો. ચા બનાવી. થોડી વાર તો કંઈ જ બોલી શકાયું નહીં. બંને એકબીજાને જોઈ જ રહ્યા. હળવે રહીને ઋત્વિજે પૂછયું – 'કેવું ચાલે છે?'

'આ એવું ને એવું.' ગાભુનો ઉત્તર.

'લગન-બગન?'

'વાત થોડી હેંડી સે, ગજવામાંથી તેણે એક ફોટો કાઢીને બતાવતાં, કહ્યું, 'ઉણ મેળામાં ઘાટ પડયો.'

'એકસ્ટ્રા ફાઈન છે!' ઋતુએ કહ્યું.

'એટલે શું? કાંઈ ગાંડીબાંડી છે?' ગાભુએ પૂછયું.

'ના. ના. સરસ છે.' ઋતુએ કહ્યું.

ધરાઈધરાઈને વાતો કરી. ચૌદ વર્ષ વનવાસ ભોગવીને આવેલા લક્ષ્મણે ઊર્મિલા સાથે મૌનની ભાષામાં જે વાતો કરી હશે એટલી અઢળક વાતો! ઋતુનેય થયું કે ચૌદ વર્ષે જો ધરાઈને કોઈને મળ્યો હોઉં તો ગાભુને!

પછી તો ગાભુએ કુતૂહલવશ પ્રશ્નો પૂછયા, 'ત્યાં સેતરો હોય? ભેંસો હોય? શેઢા હોય? ઝાડ હોય? અનાજના હું ભાવ? મજૂરીનો હું ભાવ? લોકો ભણે? કામ કુણ કરે? ઘઉં શા ભાવે મળે? નહેરો હોય? બધા ગામમાં લાઈટ હોય? પંખા હોય? બૈરાંય નોકરી કરે? સેતરમાં ભાત લઈને કુણ આવે? ગાડું હોય? બળદ હોય? તમોને ઈયાં ફાવ્યું'તું? હું હું ભણયા? ઑયના કરતાં ઈયાંનું હું હારું? આંબો હોય? કેરીઓ હોય?'

ખૂબ પાયાના પ્રશ્નો પૂછયા હતા એક અભણ ગામડિયાએ. ગાભુએ બંને સંસ્કૃતિનો ભેદ પારખવા કોશિશ કરી હતી. કેટલાક ઉત્તરો તો ઋતુ પણ ન આપી શકયો. આંબાની વાત સાંભળતાં જ ઋતુ ઊભો થઈ ગયો. ગાભુને કહેવા લાગ્યો, 'ચાલ ખેતરમાં ફરીએ....'

બંને ચાલ્યા. ચૌદ વર્ષ વચ્ચેથી ઓગળી ગયાં. ટેકનિકલ એન્જિનિયરિંગનું શિક્ષણ ગાભુની વાતો આગળ નિરર્થક લાગતું હતું. ખેતરના છોડવાઓ, ખેતરનાં ઝાડ, ખેતરની માટી, ખેતરની કાંટાળી વાડ, બધું બદલાઈ ગયેલું લાગ્યું એને. ઘડીભર એ પોતાની જાતને ખેડૂત સમજી બેઠો.


જ્યાં આંબાનું ઝાડ હતું ત્યાં જ પગ થંભ્યો. હળવેથી ઋતુએ પૂછયું, 'આંબો કયાં ગયો?'

ગાભુ બોલ્યો, ' એ તો મગનભાએ ઈમની મોટી દીકરી પૈણાઈ ઈમાં ત્રૈણ સો રૂપિયામાં વેચી માર્યો!'

ગાભુ બોલે જતો હતો, 'મઝા કરેલી નૈ! ડાળે ડાળે હેંચકા ખાધેલા! કેરીઓ ટોપરા જેવી હતી નૈ! કૉયલ બોલે એટલે તમે ચાળા પાડતા'તા નૈ!' એ બોલે જ ગયો. ઋતુ સાંભળી રહ્યો.

ભારતના રિવાજો, સંસ્કૃતિ વગેરે વિશે વિચારતાં ઋતુ અંદરથી હલી ગયો. એના સઘળાં આનંદો આંબાની સાથે ધરાશાયી થઈ ગયા. આંબો જ્યાંથી કપાયો હતો ત્યાં ખાસ્સો ખાડો હતો, ત્યાં ઝીણીઝીણી લાકડાની કરચો વેરાયેલી પડી હતી. ગાભુ એ ખાડામાં ઊતર્યો.

ખાડાની બહાર ઊભોઊભો ઋત્વિજ તેને નિહાળી રહ્યો. તેના હૃદયમાં પણ એ ખાડાએ મોટું ગાબડું પાડી દીધું હતું. □



△ મૂળ પાસે યમુનાનો પ્રવાહ (ફોટો : પ્ર. ત્રિવેદી)


હિમાલયનાં સંસ્મરણો–૧૨

યમુનોત્રીનાં દર્શન

– નવનીત પારેખ

જૂનની ૧૨મી તારીખે અમે ઋષિકેશથી ‘ગઢવાલ મોટર. ઓનર્સ યુનિયન’ની બસ પકડી. અહીં પહાડોમાં હવે ચોમાસુ બેસી ગયું હોઈ, કો’ક ઠેકાણે સડક તૂટી પણ ગઈ હતી. ઋષિકેશથી મોટરમાર્ગ પહાડમાં ઊંચે ચઢવા લાગ્યો અને મેદાની પ્રદેશ ધીરેધીરે અમારી પાછળ ઓસરવા લાગ્યો. ગરમ લૂને સ્થાને હવે ઠંડા પવનની’ લહેરોએ અમારું સ્વાગત કરી રહી હતી. વૃક્ષો તથા વનરાજી બદલાતાં જતાં હતાં. આંબો, પીપળો, આમલી તથા વડ જેવાં વૃક્ષોને સ્થાને હવે ચીડ તથા ઓક વૃક્ષો દેખાવા લાગ્યાં. ફરી એક વાર હિમાલયના પવિત્ર પ્રદેશમાં પ્રવેશ કર્યાથી હું ખૂબ ઉત્સાહિત અને આનંદિત હતો.

ઋષિકેશથી ૧૬ કિ.મી. પર લગભગ ૪૦૦૦ ફીટની ઊંચાઈએ નરેન્દ્રનગર આવ્યું. અગાઉ અહીં ટીહરીનું દેશી



△ રાઢીના પહાડ પરથી દેખાતાં ભવ્ય હિમશિખરો અને (નીચે) યમુનોત્રીના માર્ગમાં દેવદારનું વન (ફોટો : નવનીત પારેખ) △

રાજ્ય હતું અને નરેન્દ્રનગર તેની નવી રાજધાની હતી. નરેન્દ્રનગરથી અમને તળેટીમાં ઋષિકેશ શહેર તથા આસપાસના તરાઈ પ્રદેશનું રમણીય દૃશ્ય જોવા મળ્યું. બીજા ૪૪ કિ.મી.નો પ્રવાસ કર્યો એટલે આશરે સાત હજાર ફીટની ઊંચાઈએ ચંબા ગામ આવ્યું. ચંબા તો અત્યંત સુંદર સ્થાન હતું. ચોમાસુ બેસી ગયું હતું અને બપોર થવા આવી હતી એટલે આકાશમાં વાદળો છવાયાં હતાં; નહીં તો અમને ચંબાથી ઉત્તર તરફના હિમ-શિખરોનું ભવ્ય દૃશ્ય જોવા મળત. હવે તો મસૂરીથી એક મોટરમાર્ગ ચંબા આવીને આગળ ઉત્તરકાશી તથા છેક ગંગોત્રી જાય છે.

ઋષિકેશથી ૮૧ કિ.મી. પર ટીહરી શહેર આવ્યું. ટીહરીના દેશી રાજ્યની એ જૂની રાજધાની. ભાગીરથી તથા ભિલ્લણ-ગંગાના સંગમ પાસે આ શહેર વસ્યું છે. સમુદ્રની સપાટીથી એ ફક્ત ૨૦૦૦ ફીટ જ ઊંચું છે. અહીં મહારાજાનો પુરાણો રાજમહેલ, મંદિરો તથા ઘંટાઘર (ક્લૉક-ટાવર)



જોવાં મળ્યાં; પરંતુ અમારે હજી આગળ જવાનું હોઈ ટીહરીમાં અમે ઝાઝું રોકાયા નહીં. ટીહરી પાસે સ્વામી રામતીર્થનું સમાધિમંદિર છે, જ્યાં એમણે ગંગાનદીમાં જળસમાધિ લીધી હતી. હવે ટીહરી પાસે ગંગાનદી પર મોટો બંધ બંધાઈ રહ્યો હતો. આ જલવિદ્યુત (હાઈડ્રોઇલેક્ટ્રિક) પરિયોજના પૂરી થશે ત્યારે આ ટીહરી શહેરનો મોટો ભાગ જલમગ્ન થઈ જશે.


છેવટે, સાંજે ધરાસૂ પહોંચ્યાં. દિવસભરની બસની મુસાફરીથી ખૂબ થાક્યાં હતાં એટલે અમે સીધાં જ ગંગાકાંઠે ગયાં અને તેનાં શીતળ તેમજ પુનિત જળમાં સ્નાન કરીને તાજગી અનુભવી. દરમિયાન ભાઈ વૃંદાપ્રસાદે કાલીકમલીવાળાની ધર્મશાળામાં ઉતારાની વ્યવસ્થા કરી રાખી હતી.

ધરાસૂ ગંગાકાંઠે, સાડા ત્રણ હજાર ફીટની ઊંચાઈએ વસ્યું છે. અહીં અમારી ધર્મશાળાની સામે જ ભાગીરથી—ગંગાનો પ્રચંડ પ્રવાહ ઘૂઘવતો હતો. તાજા જ પડેલા વરસાદથી નદીનું પાણી ડહોળાએલું હતું અને તેમાં માટી ભળવાથી તેણે પણ સાધુઓની જેમ ભગવો રંગ ધારણ કર્યો હતો. ધર્મશાળા સ્વચ્છ નહોતી. આખી રાત અમે માંકડ-મચ્છરોને રક્તદાન કરવામાં જ કાઢી.

બીજે દિવસે વહેલી સવારે અમારે પગપાળા યાત્રા શરૂ કરવાની હતી. પિતાશ્રી તથા અમ્મા વયને કારણે પગપાળા યાત્રા કરવા અસમર્થ હતાં. એટલે એમને માટે અમે એક એક ડાંડી (ડોળી) ભાડે કરી હતી. અમ્મા તો હળવાંફૂલ જેવાં હતાં, તેથી તેમની ડાંડી ઊંચકવા માટે ચાર મજૂરો હતા, જ્યારે પિતાજીની ડોળી ઊંચકવા છ મજૂરો, અને અમારો અંગત સામાન, વાસણકૂસણ, સીધું-સામાન વગેરે ઉઠાવવા માટે બીજા છ મજૂરો રાખવા પડયા હતા. આ બધા જ મજૂરો નેપાલી ડોટિયાલ કોમના અને ખડતલ હતા.

માતાપિતાના આગ્રહથી મારે માટે પણ એક સવારી ટટ્ટુ અમે ભાડે રાખ્યું હતું. પોતે ડાંડીમાં બેસીને યાત્રા કરે અને





△ યમુનોત્રીનો સાંકડો પહાડી માર્ગ અને (જમણી બાજુ) યમુના મૈયાનું મંદિર (ફોટો : નવનીત પારેખ) △

હું પગપાળા ચાલું તે માતાપિતાથી કેમ સહન થાય? અવાર-નવાર હું ટટ્ટુ પર સવારી કરતો, પણ મોટે ભાગે મેં પગપાળા જ યાત્રા કરી.

ધરાસૂથી યાત્રામાર્ગ પહાડોમાં ઊંચે ચઢવા લાગ્યો. ભાગીરથી દૂર થતી ગઈ. અમે હવે યમુનાની સરહદમાં જવા લાગ્યાં. આગળ જતાં રાઢીનો ઊંચો પહાડ આવ્યો. આ પહાડ વચ્ચે ના પડયો હોત તો અહીં જ યમુના તથા ગંગાનો સંગમ થયો હોત. યમુનોત્રી અને ગંગોત્રી એકબીજીથી નજીક જ છે અને બંને નદીઓ સમાંતરે વહેતી જાય છે, છતાં આ બંને બહેનો – યમુના તથા ગંગા છેક પ્રયાગરાજ – અલ્લાહાબાદ પાસે એકબીજીને ભેટે છે.

રાઢી પર્વત મુખ્યત્વે ચીડ વૃક્ષોનાં ગાઢ જંગલોથી છવાયેલો હતો. આ ચીડ વૃક્ષને પાંદડાંને સ્થાને પાતળી સળીઓનાં ઝૂમખાં હોય છે. ઉનાળામાં આ સળીઓ ખરી પડે છે ત્યારે આખું જંગલ તેનાથી છવાઈ જાય છે. યાત્રાપથમાં આ ચીડની સળીઓ ઉપરથી ચાલતાં કે ઊતરતાં મારો પગ ઘણીય વાર લપસી જતો અને હું હિમાલયની ધરતીને ભેટી પડતો, હસતાંહસતાં ઊભો થઈ આગેકૂચ ચાલુ રાખતો.

આ માર્ગે અમે સિલકયારી ગામે આવી પહોંચ્યાં. અહીં પણ રાતવાસો કાલીકમલીવાળાની ધર્મશાળામાં કર્યો. પહાડની ઊંચાઈ પર ખાસ્સી ઠંડી હતી. અહીં પહેલી જ વાર મેં 'કાફલ–પાકો' પક્ષી સાંભળ્યું. મે તથા જૂન મહિનામાં ઉત્તરાખંડમાં કાફલ નામનાં નાનાં-નાનાં ફળ પાકે છે, અને તે જ ઋતુમાં આ પક્ષી બોલે છે. પક્ષીનો ટહુકાર 'કાફલ–પાકો' શબ્દોચ્ચાર જેવો લાગે છે તેથી કુમાઉનાં લોકો આ પક્ષીને 'કાફલ–પાકો' જ કહે છે.

અહીં મધ્યરાત્રિએ મેં જે આકાશ જોયું તેનાથી તો હું અવાક્ જ બની ગયેલો. બ્રહ્માંડમાં ખરેખર કેટલા બધા તારાઓ છે તેનો ખરો ખ્યાલ મને ત્યારે જ આવ્યો. હિમાલયમાં જેમજેમ ઊંચાઈએ જઈએ તેમતેમ આકાશ વધુ ને વધુ સ્વચ્છ, નિર્મળ અને ઘેરું બનતું જાય છે, અને તારાઓ તથા ગ્રહો વધારે અને વધારે તેજસ્વી દેખાય છે. અમે સિલકયારી હતાં ત્યારે કૃષ્ણપક્ષની ચૌદશ કે અમાવાસ્યા હતી તેથી તો તારાઓ સવિશેષ ચળકતા હતા. મૃગ તારામંડળ તો અસ્ત પામી ગયું હતું અને મઘાનું દાતરડું નીચું નમી રહ્યું હતું. ચિત્રા અને વિશાખાનું નક્ષત્ર-વૃંદ માથા ઉપર ટમટમી રહ્યું હતું. હું ગદ્‌ગદ્ થઈને અર્ધા કલાક સુધી ગગન સામે તાકી રહ્યો! અદ્‌ભુત હતી આ વ્યોમવિહારી તારાઓની રાસલીલા!

સિલકયારીથી આગળનો યાત્રામાર્ગ બરકોટ થઈને નીચે ઊતરતો હતો. અમે યમુનાને કાંઠે ગંગાણી ગામ આવી પહોંચ્યાં. હૃષીકેશના ગંગાકિનારેથી હવે અમે અહીં કાલિન્દીના તટ પર પહોંચ્યાં હતાં. હૃષીકેશથી ગંગાણી ૧૮૨ કિ.મી. જેટલું દૂર છે. એક નવા જ બંધાતા મકાનમાં અમે ઉતારો રાખ્યો. સામે જ યમુનાનો મનોહર પ્રવાહ ધસમસતો જતો હતો. દર્શન થતાં જ મારાં માતુશ્રી તો ગદ્‌ગદ્ થઈ સીધાં જ યમુનાના પુનિત પ્રવાહમાં સ્નાન માટે ઊપડી ગયાં. પછી તો અમે પણ યમુનાસ્નાનનો લાભ લીધો જ.

ગંગાણી ગામ ૪૫૦૦ ફીટની ઊંચાઈએ હતું. અહીંથી અમારી પહાડી પગવાટ યમુનાને કાંઠેકાંઠે ઊંચે ચઢવા લાગી. આખો દિવસ અમને યમુનાનાં દર્શન થતાં રહ્યાં. યમુનાનો વેગીલો પ્રવાહ કોઈ ઉચ્છૃંખલ કિશોરીની જેમ પથ્થર અને ખડક ઉપરથી કૂદતો, ઊછળતો, અફળાતો, કલકલ કરતો વહ્યો જતો હતો. માંડ પચીસ–ત્રીસ ફીટ પહોળો તેનો પટ હશે. આસપાસના પહાડો ચીડ તથા દેવદાર વૃક્ષોથી છવાયેલા હતા. સદ્‌ભાગ્યે ત્યારે અહીં હજુ મોટર-રસ્તો આવ્યો નહોતો તેથી આ ચીડ વૃક્ષોમાં કાપ મૂકી તેનો રસ ('લીસા') એકઠો

કરીને તેને દેશનાં કારખાનાંઓમાં ટર્પેન્ટાઇન તથા બીજાં રસાયણો બનાવવા માટે મોકલવાનો વ્યવસાય હજી શરૂ થયો નહોતો, અને તેથી અહીં ચીડ વૃક્ષો વિપુલ સંખ્યામાં અને સુદૃઢ, ઘટાદાર રહ્યાં હતાં.

ગંગાણીથી આશરે પંદરેક માઈલ પગપાળા ચાલીને અમે હનુમાન-ચટ્ટી પહોંચ્યાં. ચટ્ટી એટલે બે-ચાર દુકાનોનો સમૂહ. ચટ્ટીનો દુકાનદાર યાત્રીને રાતવાસો રહેવા કમરો કાઢી આપે અને સીધું-સામાન ઉપરાંત રાંધવાનાં વાસણકૂસણ પણ આપે. યાત્રીઓ માટે આ વ્યવસ્થા આશીર્વાદ સમાન હતી. હનુમાન-ચટ્ટી પાસે પણ કાલીમલીવાળાની ધર્મશાળા હતી.

આ ચટ્ટી પાસે મેં એક 'પન-ચક્કી' પણ જોઈ. એક પહાડી ઝરણાના પ્રવાહને નાળી અથવા નીકમાં વાળી લઈને તેના વેગની મદદથી પથ્થરની એક ઘંટી ચાલતી હતી. આ પનચક્કીનો માલિક અને ચાલક ઘંટીમાં ઉપરથી મૂઠો ભરીને ઘઉં ઓરતો જાય અને નીચે તેનો લોટ એકઠો થતો જાય. દળવાની બીજી કશી જ મહેનત નહીં. પહાડી લોકોની આ સૂઝ-બૂઝ માટે માન ઊપજ્યું. આસપાસનાં ગામ-લોકો અહીં અનાજ દળાવવા આવતાં. પહાડી ભાષામાં આવી પનચક્કીને 'ઘરાટ' કહે છે.

આજે તો છેક આ હનુમાન-ચટ્ટી સુધી મોટરબસ આવે-જાય છે. હનુમાન-ચટ્ટી લગભગ ૭૦૦૦ ફીટની ઊંચાઈએ છે, પણ સન ૧૯૫૨માં જ્યારે અમે આ યાત્રાએ ગયેલાં ત્યારે તો હનુમાન-ચટ્ટીથી આગળની પગવાટ ઘણી સાંકડી હતી. અમ્માની ડાંડી (ડોળી) તો ચાર મજૂરો જ ઉપાડતા. તેમાં બે મજૂર આગળ અને બે પાછળ ચાલતા, પરંતુ પિતાશ્રીની ડાંડીને ઊંચકવા છ મજૂરો હતા; તેમાં બે વધારાના મજૂરો બાજુ પરથી ડાંડી ઊંચકીને ચાલતા. આવી છ મજૂરોવાળી ડાંડીને અહીં 'છકડો' કહે છે.

હનુમાન-ચટ્ટીથી આગળની સાંકડી પગદંડી પર આ છ મજૂરો સામટા ચાલી શકે તેમ નહોતા તેથી પિતાજીને તેમની ડાંડી છોડી દેવી પડી; પરંતુ યમુનોત્રી સુધીનું આકરું ચઢાણ પિતાજી પગપાળા પૂરું કરવા અસમર્થ હતા તેથી અમે તેમને માટે એક 'કંડી' ભાડે કરી. આ કંડી એટલે ચારેક ફૂટ ઊંચી ઊભા પવાલા જેવી ટોપલી. તેમાં ઉપરની કિનારમાં એક કાપ હોય જેમાંથી બેસનારના પગ બહાર લટકી શકે. લટકતા પગ થાકી ન જાય તે માટે કાથીની દોરીનું પેગડું પણ તેમાં હોય. કંડીમાં ગાદી તથા કંબલ મૂકી તેના ઉપર પિતાજી આરામથી બેસી ગયા. તેમને ઉઠાવવા માટે એક સશક્ત મજૂર હતો, જેણે આ કંડી પોતાની પીઠ પર બાંધી દીધી. આમ પીઠ પર ઊંચકાયેલી કંડીમાં પિતાશ્રીનું મુખ પાછળની બાજુ રહેતું તેથી તેમને આગળ આવતો યાત્રા-માર્ગ દેખાતો નહોતો. આપણે કોઈ વાહનમાં સવળી બાજુએ બેઠા હોઈએ ત્યારે જેમ આસપાસનો પ્રદેશ ઝડપથી પાછળ સરકતો દેખાય, તેમ આ કંડીમાં બેસનારને પણ આસપાસનો પ્રદેશ ધીરેથી સરકતો દેખાય.

હનુમાન-ચટ્ટીથી યમુનોત્રીનું આઠેક માઈલનું અંતર અમે ચાર કલાકમાં પાર કર્યું. પગદંડી પરથી અમને ઊછળતી કૂદતી યમુનાનો વેગીલો પ્રવાહ અવાર-નવાર દૃષ્ટિગોચર થતો હતો. આ પગદંડીના માર્ગે બેએક માઈલ દૂર ફૂલચટ્ટી અને બીજા બે માઈલ ઉપર આશરે નવ હજાર ફીટની ઊંચાઈએ જાનકીચટ્ટી આવી. અહીં યમુનોત્રીના પંડા લોકોનું ગામ ખરસાલી આવેલું હતું.

બપોર પહેલાં જ અગિયાર વાગ્યે અમે યમુનોત્રી પહોંચી ગયાં. યમુનોત્રી એક સાંકડી ઘાટીમાં વસ્યું છે. પાછળ કલિન્દ પર્વત અને તેથીય ઊંચે બંદરપૂછ નામનો પર્વત હતો. આ પહાડોમાં સપ્ત-ઋષિ-કુંડ છે જેમાંથી યમુના નદીનો ઉગમ છે. આ કલિન્દ પર્વતના નામ ઉપરથી જ યમુના 'કાલિન્દી' નામે પણ ઓળખાય છે.

યમુનોત્રી દસ હજાર ફીટની ઊંચાઈએ રમણીય સ્થાન છે. અમે ત્યાં ગયાં ત્યારે તો ત્રણચાર ઘર તથા બે ધર્મશાળાઓ અને યમુનામૈયાનું એક નાનકડું મંદિર જ હતું. પાસે જ ગરમ પાણીનો એક કુંડ પણ હતો જેમાં સ્નાન કરીને અમે યાત્રાનો થાક ઉતાર્યો. ગંધકયુક્ત અને ખૂબ ગરમ પાણીવાળા આ કુંડમાં બીજા ઝરણાનું ઠંડું પાણી વાળી લઈને તેને નાહવા લાયક હૂંફાળું બનાવ્યું હતું. અમને તો આ હૂંફાળા પાણીમાં નાહવાની એવી મઝા પડી કે કુંડમાંથી બહાર ઠંડીમાં નીકળી આવવાનું મન જ ન થાય, પરંતુ અમારા પંડા ગોર તથા ભોમિયા ભાઈ વૃંદાપ્રસાદે મને ચેતવણી આપી કે જો અમે વધારે સમય આ ગંધકયુક્ત પાણીમાં રહીશું તો તેમાંની વરાળને કારણે અમને ચક્કર આવશે અને કદાચ અમે બેભાન પણ થઈ જઈએ, એટલે અનિચ્છાએ અમે બહાર આવ્યાં.

સ્નાન વગેરેથી પરવારી મંદિરમાં જઈને અમે શ્રી યમુનાજીનાં દર્શન કર્યાં, ભોગ ચઢાવ્યો અને ખૂબ ભાવ-પૂર્વક આરતી ઉતારી. અમ્મા ગળગળાં અને ભાવવિભોર થઈ જતાં. એમની આંખમાંથી તો આનંદાશ્રુની ધાર વહેવા લાગી. તેમના જીવનની આ ધન્ય ઘડી હતી. શ્રીયમુનાજીના સ્વરૂપને એમણે એક સાડી ભેટ ધરી.

યમુનોત્રીમાં અમે બપોરનું ભોજન લીધું અને થોડીવાર યમુનાના પ્રવાહ પાસે એક મોટા પથ્થર પર તડકો સેવવા બેઠાં. અમ્માએ યમુનાષ્ટકનો પાઠ કર્યો અને અમે એક મોટી શીશીમાં યમુનાનું જળ પણ ભરી લીધું.

અહીંથી હવે અમે પાછાં ફર્યાં. ખરસાલી, હનુમાન-ચટ્ટી અને ગંગાણી સુધીનો માર્ગ તો જાણીતો હતો. ત્યાંથી પછી અમે રાઢીનો પહાડ ઓળંગી ગંગાનદીના ક્ષેત્રમાં આવ્યાં. અહીં ગંગાકાંઠે નાકોરી ચટ્ટી હતી. અહીં રાત રોકાઈને અમે આગળ જવાનાં હતાં, જે માર્ગ ગંગાને કાંઠેકાંઠે ઉત્તરકાશી તરફ જતો હતો. □

સ્વચિત્રણ

આનંદશર્મન્

'આનંદશર્મન્'

કરમાયેલી લાગણીને બાથમાં લઈને આનંદશર્મન્ અહીંતહીં ભટકે છે. આજ એ મનથી વ્યથિત છે. પોતાની સાથે જ એ આજકાલ વાતચીતમાં મગ્ન રહે છે. જાતને જાણવામાં એ પ્રવૃત્ત છે. સ્વયં જાત સાથે એ ઝઘડે છે અને સ્વયં સમાધાન કરે છે. આમ તો એની તકરાર એના 'હું' સાથે જ છે. એનો 'હું' હજાર વૉટના વીજળીના દીવા જેટલો શક્તિમાન છે. વાતવાતમાં એનો 'હું' વિરાટ બનીને પ્રતિકાર માટે કટિબદ્ધ બની જાય છે. વારંવાર એ છંછેડાય છે. વારંવાર એનું મન તરંગે ચડે છે. વારંવાર એના હૃદયને ઠેસ પહોંચે છે. છતાંય એની પાસે એક ધબકતું હૃદય છે. એમાં નાજુક ભાવને સુરક્ષિત રાખવા એ સદૈવ યત્નશીલ રહે છે, અને છતાંય સતત એના ભાવની છેડતી થયા કરે છે. આનંદશર્મન્ ભલો માણસ છે, પરંતુ એની ભલાઈ દેખાતી નથી. વાસ્તવમાં તો એની ભલાઈની પણ ક્રૂર મશ્કરી થાય છે. એની ભલાઈનાં ચીરેચીરા ઉડાવાય છે. એનો આત્મા કળીએકળીએ કપાય છે, મૂંઝાય છે, વિલાય છે. ક્યારેક તો આનંદશર્મન્ મનથી ભાંગી પડે છે. એને આ જગત મિથ્યા લાગે છે. એ દંભ નથી કરી શકતો અને દંભી માણસો સાથે ભળી નથી શકતો. માટે તો એને 'જડ' હોવાનું બિરુદ મળે છે. એ સતત એકલો ને એકલો પડતો જાય છે. સત્યનો એ ચાહક છે. સત્ય એનો કેડો છોડતું નથી. સત્ય પણ સાલું નકામું છે. સોનાના પાત્ર નીચે ઢંકાઈને નિરાંતે બેઠું છે. કોઈને દેખાતું નથી. કોઈથી પકડાતું નથી. આનંદશર્મન્ સત્યને શોધી લાવ્યો કે એ એની આભામાં અંજાઈ ગયો છે, એની ચુંગાલમાં ફસાઈ ગયો છે.

આનંદશર્મન્‌ને અનેક વાર કહેવામાં આવ્યું છે કે સત્યનો સંગ નકામો છે. પરંતુ આનંદશર્મન્ માણસ જ છે ભારે જક્કીલો. લીધેલી જક છોડે નહીં, અને પેલું સત્ય તરત જ એની વહારે ચડી જાય. પછી તો આનંદશર્મન્, પેલું સત્ય અને જક એ ત્રણેય વચ્ચે યુદ્ધ ચાલે. ભારે મઝા આવે! સરખેસરખા ભેરુ મળ્યા હોય અને જે પટ્ટાબાજી ચાલે કે જોતાં અંત ન આવે! સત્ય આદશર્મન્‌ને ઘણી વાર છેહ દઈ જાય છે, પરંતુ જ્યાં સત્ય એની પડખે આવ્યું કે આનંદશર્મન્ જગતનો રાજા! ઘણીવાર એને ના પાડી કે જક ન કરવી. એય સમજે છે, પરંતુ કૃષ્ણની જેમ નવ્વાણુ વાર છૂટ મૂક્યા પછી એ જક પકડે તો પછી કોઈની તાકાત છે કે આનંદશર્મન્‌ને જકની જેલમાંથી બહાર કાઢે?

ઘણી વાર આનંદશર્મન્ વ્યવહારુ બનવાનો પ્રયત્ન કરે છે, પરંતુ ત્યારે એ તદ્દન ફિક્કો લાગે છે. જક્કીલો બને છે ત્યારે એની શકિત ઓર ખીલે છે! એનું તેજ વધી જાય છે. એની પ્રતિભા પાંગરે છે.

આનંદશર્મન્‌ને માત્ર બે જ વ્યસન છે. એક વાંચવાનું, બીજું ચર્ચા કરવાનું. રાતોની રાતો એ વાંચી શકે છે. વાંચેલું જીવનમાં ઉતારવા મથે છે. નર્મદની જેમ એ આદર્શઘેલો માનુષ છે. એણે વિધવાવિવાહ નથી કર્યા, પરંતુ વફામાં એ બેવફા નથી બન્યો.

આનંદશર્મન્‌નું સાચું તેજ ચર્ચામાં ચમકે છે. ચર્ચા જાણે એના જીવનનો પ્રાણવાયુ છે. એ ચર્ચા પછી તે સાવ હળવોફૂલ થઈ જાય છે. વળી, એ છેય નિખાલસ. એક વાત સાથે એ બીજી વાત સાંકળતો નથી. પણ ઘણી વાર ચર્ચામાં એના પેલા બે ભેરુ – સત્ય અને જક – એની સંગે આવી જાય છે. પછી તો રંગ આવી જાય એની ચર્ચામાં. તક પણ એની વહારે ધાય. પ્રમાણ એને શોધવા જવું ન પડે. વેદથી માંડી વિવેકાનંદ લગી અને શેક્સપીઅરથી માંડી સમરસેટ મૉમ લગીની વાત એની ચર્ચામાં સામેલ થઈ જાય. વાંચેલું કાયમ કામમાં લઈ લે, અને ચર્ચામાંથી વિગત પકડીને સર્જક-લેખક બની જાય.

આનંદશર્મન્ ગોષ્ઠિનો માણસ છે. ઓલિયાની દુનિયા એણે જોઈ છે. મંદિરમાં ઘંટારવ પણ કરી આવ્યો છે. બ્રહ્મ સાથે સંબંધ બાંધવાની કોશિશ પણ કરી છે અને 'અહં બ્રહ્માસ્મિ'ને સમજવામાં પણ સમય બગાડ્યો છે. દ્વૈત અને અદ્વૈતને જાણવામાં એને રસ છે. એ ભકિતમાં માને છે, પણ કર્મમાં વિશેષ શ્રદ્ધા ધરાવે છે. હું આનંદશર્મન્‌ને ઘણી વાર કહું છું કે એક વિચારધારામાં તો સ્થિર થા. પરંતુ એને મન ક્યાંય સ્થિર થવું એટલે મૃત્યુ. મારે એને મરવા દેવો નથી. એ છે તો હું છું. એ છે તો ગોષ્ઠિ છે. એ છે તો ચર્ચા છે. એ છે તો જીવનનો રસ છે. એ છે તો પ્રેમ છે. □

બ્રહ્માંડમાં તારાઓના મહાવિસ્ફોટ તો અવારનવાર થતા જ રહે છે. પરંતુ પૃથ્વી ઉપરથી નરી આંખે પણ એ દેખાય તેવી ઘટના તો સદીઓ બાદ ક્યારેક જ બને છે. આવા મહાવિસ્ફોટની જૂનામાં જૂની નોંધ ઈ. પૂર્વે ૧૩૦૦ વર્ષના અરસાની મળી છે. એ પછી ઈ. ૧૦૦૬, ૧૦૫૪, ૧૫૭૨ અને ૧૬૦૪માં થયેલા આવા મહાવિસ્ફોટ ખાસ નોંધનીય છે. ત્યાર બાદ છેક ૩૮૩ વર્ષ પછી ગયા ફેબ્રુઆરીની ૨૩મી તારીખે દક્ષિણ આકાશમાં 'મૅગેલનના મોટા વાયુવાદળ'ના વિસ્તારમાં– આપણાથી લગભગ ૧,૭૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર આવો પ્રચંડ વિસ્ફોટ દેખાયો છે. તારાઓના આવા મહાવિસ્ફોટો અંગે સવિસ્તર સમજ આપતો ડૉ. સુશ્રુત પટેલનો સચિત્ર અને માહિતીપૂર્ણ રસમય લેખ આવતા અંકમાં પ્રકટ થશે.

કલાવાર્તા



સુધાબહેન દેસાઇ

સુધાબહેન દેસાઈને આમ તો બચપણથી જ રંગ અને પીંછીના ઉપયોગની ફાવટ હતી, પણ એ કાળે પદ્ધતિસરની તાલીમ કે સમજ ન હતી. યુવાનીમાં આવ્યા પછી એમણે ચિત્રકામ કરવા માંડ્યું. પોતાના ભાવોને વ્યક્ત કરવા માટે ચિત્રકામ એ ઉત્તમ માધ્યમ બન્યું અને વ્યાસંગ પણ. પછી કેનવાસ પર ચીતરવા માટે એમણે મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં તાલીમ લીધી, પરંતુ ત્યાર બાદ બાંદરા સ્કૂલ ઑફ આર્ટ્સમાં શ્રી પરવેલકર પાસેથી એમનાં ચિત્રકાર્યને સારો ઓપ મળ્યો, અને એમની પ્રતિભા પાંગરવા લાગી. ગુજરાતનું અલગ રાજ્ય થતાં તેઓ અમદાવાદમાં સ્થાયી થયાં, અને અહીં એમણે શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયમાં ત્યાંના આચાર્ય અને સુખ્યાત કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં વિદ્યાર્થિની બની પોતાનો કલાવિકાસ આગળ વધાર્યો.

કૌટુંબિક જવાબદારી અને શાળા–શિક્ષિકાની ફરજો નિભાવવામાંથી વખત કાઢી એમણે પોતાના કલારસને જીવંત રાખી ૧૯૭૦માં 'આર્ટ માસ્ટર'ની ઉપાધિ તથા 'ગવર્નમેન્ટ ડિપ્લોમા ઈન આર્ટ્સ' પ્રાપ્ત કર્યાં. 'ટેક્સ્ટાઈલ ડિઝાઈન', અને 'ઈન્ટીરીઅર ડેકોરેશન'ના ડિપ્લોમા પણ તેઓએ મેળવ્યા.


ચિત્રકામને જ એમણે પોતાની અભિવ્યક્તિનું માધ્યમ બનાવ્યું છે. એમનાં ચિત્રસર્જનોમાં પહાડી ભૂમિઓનાં દૃશ્યો અને ભૌતિક સુખસગવડથી વંચિત એવાં બાળકોને એમણે વારંવાર અવનવી રીતે ઉતાર્યાં છે. આમ, એમની અનેક કૃતિઓમાં પ્રાકૃતિક સૌન્દર્યની સાથેસાથે બાળકોની સામાજિક સ્થિતિ પ્રતિની ટીકા પણ પ્રકટ થાય છે.

ગયા વરસે એમનાં જલરંગમાં કરેલાં દૃશ્યચિત્રો પ્રદર્શિત થયેલાં ત્યારે તે કૃતિઓમાં હળવા રંગોની કુમાશ સાથે અવકાશ અને ઊંડાણ દર્શાવવાનું એમનું કૌશલ ધ્યાનાકર્ષક બની રહેલું. બહુધા આબુ, ઉદેપુર અને મુંબઈમાં કરેલાં એ દૃશ્યચિત્રો નિજાનંદ માટે કરેલાં, જેમાં કુદરતના સૌંદર્યને એમણે મન ભરીને માણ્યું હોવાનું પ્રમાણ મળતું હતું, એટલું જ નહીં, સમગ્ર સૌંદર્યના વિશિષ્ટ અંગને પકડવાની એમની કલાદૃષ્ટિનાં પણ એ દ્યોતક બની રહેલાં. એમનાં દૃશ્યચિત્રોમાં વિગતોની ઝીણવટમાં ઊતરવાને બદલે પોતાના મન પર પડેલી






બાળકો પણ સુધાબેનનાં ચિત્રોમાં વિશેષ જોવા મળે છે. તેનું એક ઉદાહરણ અહીં આપું છું. અને એમની બાળકી રેખાનું દૃષ્ટાંત આપ્યું.



સુધાબેનનો પ્રિય ચિત્રવિષય છે દૃશ્ય-ચિત્રો. આ પૃષ્ઠ પર એમનાં ત્રણ દૃશ્યચિત્રો આપ્યાં છે.

પ્રાકૃતિક સૌંદર્યની છાપ પ્રકટ કરવા પર જાણે તેઓ વધુ ભાર મૂકતા હોય તેમ લાગે છે. સ્થળ-વૈવિધ્ય, વિધવિધ સંયોજન, ઊંડાણ અને દરેક ચિત્ર મોટે ભાગે એક જ બેઠકે પૂરું કરવાની એમની ખાસિયતથી એ બધાં ચિત્રો આગવાં બની રહે છે. એમની બળકટ રેખાઓ સૂક્ષ્મ વિગતોને ટાળીને આકારની લાક્ષણિકતા પ્રકટ કરતી દેખાય છે, તો એમના. રંગો ઘૂંટાવાને બદલે ચિત્રવિષયની સુંદરતાને પ્રકટ કરે છે, અને આથી વિષયની વાસ્તવિકતાને રજૂ કરવાને બદલે તેના સૌંદર્યતત્ત્વ પ્રતિ જ એમની કલાદૃષ્ટિ ઢળતી લાગે છે.

અન્ય વિવિધ કાર્યોમાં પ્રવૃત્ત રહેવા સાથે એમણે પોતાના કલાવ્યાસંગને વિકસાવીને જે આગવી પ્રતિભા ઉપસાવી છે એ પ્રશંસનીય જ નહીં, અનુકરણીય છે. તાજેતરમાં જ અમદાવાદમાં એમનાં નવાં ચિત્રો પ્રદર્શિત થયાં હતાં, જેમાં એમણે તૈલરંગી કૃતિઓ રજૂ કરેલી. પોતાની કલાપ્રવૃત્તિમાં એમણે આમ પ્રયોગશીલતા પણ જારી રાખી છે. ઊંડી લગની અને સતત કાર્યશીલતાનું એમનું દૃષ્ટાંત રસ ધરાવતી બહેનો માટે ઉત્તમ પ્રેરણા પૂરી પાડે છે.




—બંસીલાલ દલાલ



દૃશ્ય ચિત્રોમાં પણ કદાચ એમને પહાડી પ્રદેશ વધુ ગમે છે. અહીં આપેલાં ચિત્રો તેનાં દ્યોતક છે.

બ્રિટનની એક આવકાર્ય ટપાલસેવા



કેટલાંક પુષ્પો અને છોડનું સૌંદર્ય ઘણી વાર ઝટ નજરે નથી ચડતું. આવા સૌંદર્યને પ્રકટ કરતાં ફોટોચિત્રો માટે બ્રિટનના જાણીતા ફોટોગ્રાફર આલ્ફ્રેડ લૅમરનાં ચાર – ગૅલાડિયા, એકિનૉપ્ટસ, એકિવેરીઆ અને કૉલ્સિકમ નામના છોડનાં સુંદર પુષ્પોનાં ફોટોચિત્રો પરથી બ્રિટનના ટપાલ ખાતાએ આ ચાર ખાસ ટિકિટો બહાર પાડીને ૧૯૮૭ના વર્ષનો આરંભ કર્યો છે. ઑસ્ટ્રીઆમાં જન્મેલા આલ્ફ્રેડ મ્યુનિખ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી ૧૯૩૪માં બ્રિટન આવેલા. બીજા મહાયુદ્ધ વખતે એમણે રૉયલ એરફૉર્સમાં સેવા આપી 'ડિસ્ટિંગ્વીશ ફ્લાઈંગ, અને ક્રૉસ' મેળવ્યો ૧૯૪૧માં બ્રિટિશ નાગરિક બન્યા. હાલ ૭૭ વર્ષની વયે તેઓ 'રૉયલ કૉલેજ ઑફ આર્ટ'માં વિઝિટિંગ ટ્યૂટર છે. સાઉથ લંડન બોટનિકલ ઈન્સ્ટિટ્યૂટ તથા ઈમ્પિરીઅલ કૉલેજમાં એમનાં આવાં આગવાં ફોટોચિત્રોનાં બે પ્રદર્શનો પણ યોજાયાં છે.

એકવીસમી સદીના તારા બતાવનાર કેન્દ્રસરકાર એક તરફથી 'ઑપરેશન બ્લૅકબોર્ડ'ની જાહેરાત કરી દેશમાંથી નિરક્ષરતાનું નિકંદન કાઢી નાખવાની વાત કરે છે તો બીજી તરફ એક ઉપખંડ જેવડા વિશાળ દેશમાં મોટાં ભાગનાં ગામોમાં ટપાલ દ્વારા જ પહોંચાડી શકાય તેવાં સામાયિકો અને પુસ્તકો પહોંચાડવા માટેના ટપાલના દરમાં ક્રમેક્રમે વૃદ્ધિ કરતી જાય છે. બજેટ હવે ફેબ્રુઆરીમાં જ બહાર પડે એવું નથી, બજેટ પહેલાં પણ ભાવવધારા થઈ શકે છે. સામયિકો અને પુસ્તકોના ટપાલના દરામાં છેલ્લો વધારો મરણતોલ છે. માત્ર આ કારણે જ નાનાં સામયિકોને લવાજમ વધારવું પડે યા મોટી ખોટ સહન કરવી પડે તેવી સ્થિતિ થઈ છે.

આની સામે એકવીસમી સદીમાં આપણે જેની હરોળમાં ઊભા રહેવા માગીએ છીએ, યા જેની આગળ નીકળી જવા ઈચ્છીએ છીએ તેવા દેશો તેના નાગરિકો માટે કેવીકેવી સુવિધાઓ ઉપલબ્ધ કરતા જાય છે તે જોવા જેવું છે. ઈંગ્લૅંડની 'રૉયલ મેલ સર્વિસ' તરફથી પુસ્તકપ્રેમી નાગરિકો માટે એક નવી જ સેવા તાજેતરમાં સાદર કરવામાં આવી છે. પુસ્તક ખરીદીને કોઈને ટપાલમાં મોકલવું હોય તો તેનું પૅકિંગ કરવું, વજન કરી ટિકિટ ચોંડવી વગેરે ભારે કડાકૂટનું કામ છે. આ કડાકૂટ તમારા વતી કોઈ કરી આપે તો તમને જરૂર ગમે. કદાચ તમે તે માટેના પૅકિંગ મટિરિયલ યા મજૂરીના પૈસા પણ આપી દો. પણ એ કોણ કરે? પુસ્તક-ની દુકાનવાળાને વિનંતી કરો તો તમારા વતી એ એટલું જરૂર કરી આપે, કારણ તેમ કરતાંય એક ચોપડી વેચાય છે એમ તે માને! ચોપડી નાનકડી હોય, ઓછી કિંમતની હોય, અને તેમાં એને ઝાઝી કમાણી ન થવાની હોય તો કદાચ તમારી પાસે રવાનગી ખર્ચ લઈ એટલું નાનકડું કામ કરી આપવાનું તેને અને તમને સોના કરતાં ઘડામણ મોંઘા જેવું લાગે. ટૂંકમાં સામાન્ય માણસ માટે ટપાલમાં પુસ્તક મોકલવાનું કામ ખરીદવા કરતાંય વધુ કડાકૂટિયું છે.

આની સામે રૉયલ મેઈલ સર્વિસ તરફથી બ્રિટનના નાગરિકો માટે એક સેવા સાદર થઈ છે. તેનું પ્રચારિયું સૂત્ર છે: **pick it, pack it, post it**, 'પુસ્તક પસંદ કરો, પૅક કરો, અને મોકલી દો!' બોલવા જેટલું જ સરળ!

તેની પ્રશસ્તી તેમના શબ્દોમાં જ વાંચીએ:

'પોસ્ટ એ બુક' (ટપાલમાં પુસ્તક મોકલો) એ રૉયલ મેલ સર્વિસની એક અદ્દ્ભુત સેવા છે. પુસ્તક ભેટ મોકલવા માટે બધું એક સાથે જ થઈ જાય તેવી આ હાથવગી સેવા તમારો સમય અને કડાકૂટ બચાવે છે... ભેટ આપવા માગતા હો તેવું પુસ્તક તમે અહીં પુસ્તકોની દુનિયામાંથી જ ટપાલમાં રવાના કરી શકો છો.

આમાં પુસ્તકને કાગળમાં વીંટવાની કે વજન કરાવવાની, તેને સિલ કરવાની, યા તેની પર લૅબલ ચોઢવાની, ટપાલ-ટિકિટ ચોઢવાની—એવી કોઈ કડાકૂટ કરવાની જરૂર નથી. તમારે પુસ્તક પસંદ કર્યા પછી માત્ર એક ખાસ પ્રકારનું પરબીડિયું જ ખરીદી લેવાનું છે. આવાં પરબીડિયાં પુસ્ત-કોની લગભગ દરેકે દરેક સાઈઝ માટે અને પુસ્તકની દુકા-નમાં જ મળી શકે છે, અને એ પરબીડિયાંની કિંમતમાં પોસ્ટેજ ઉમેરી દીધેલું હોય છે!

આ પરબીડિયા પર દર્શાવેલી જગ્યાએ નામ સરનામું ભરી આપો અને પરબીડિયું સોંપી દો. બાકીનો બધો વિધિ પુસ્તક-વિક્રેતા કરશે. લટકામાં તમને બુકમાર્ક ગિફ્ટકાર્ડ આપવામાં આવશે જેમાં તમે જેને પુસ્તક ભેટ મોકલો તેને બે શબ્દો લખી પણ શકશો. રવાનગીનું આ કામ તમે જ્યાંથી પુસ્તક ખરીદો તે દુકાન જ કરે છે!

બ્રિટન અને ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ, પ્રકાશનપ્રવૃત્તિનો વિકાસનો તબક્કો, પ્રજાની ખરીદશકિત, વિવિધ વિષય પરનાં પુસ્તકોની ઉપલબ્ધિ, અરે પુસ્તકોનો સારી દુકાનનો અભાવ, એવી ઘણી બાબતોમાં ભિન્નતા છે. પણ અહીં તેને આગળ ધરીને મૂળ મુદ્દો ચાતરી જવા જેવો નથી. મૂળ વાત તો રાજ્ય યા રાજ્ય હસ્તકની સેવા, તેના નાગરિકો માટે સમજપૂર્વક અને આયોજનપૂર્વક શુંશું અને કેટકેટલું કરી શકે તે છે. વરસો સુધી પીળું પરબીડિયું ખરીદનાર પાસે સ્ટેશનરીનો ચાર્જ ન લેનાર ટપાલતંત્ર છેલ્લાં કેટલાંક વર્ષથી પરબીડિયાં પર સ્ટેશનરી ચાર્જનો સિક્કો મારી પાંચિયું-દસિયું લઈ લે છે તે અને 'પોસ્ટ એ બુક'ની સેવા સરખાવવાં જેવાં છે. સરકારી પોસ્ટ-કાર્ડ પર હાથે લખેલું હોય તો તેનો પોસ્ટકાર્ડ સહિત તે નિર્ધારિત સ્થળે પહોંચાડવાનો દર પંદર પૈસા, અને તે જ માપનાં પોસ્ટકાર્ડ તમે છપાવો તો તેના ચાલીસ પૈસા એ કેવું તર્કશાસ્ત્ર? દુનિયાના ઘણા દેશોએ પોસ્ટકાર્ડને તિલાંજલિ આપી છે, તેવી હિંમત ન બતાવાય તે માટે છાપેલાં પોસ્ટકાર્ડના સાદા પોસ્ટકાર્ડ કરતાં બમણાથીય વધુ ભાવ કરવા બરાબર નથી. એકવીસમી સદીમાં ઑપરેશન બ્લૅકબોર્ડની સફળતા બાદ જ્યારે આખો દેશ સાક્ષર થઈ ગયો હશે ત્યારે 'પોસ્ટ એ બુક'ની સેવા 'ભારતીય ડાક સેવા' દ્વારા મળશે એવી આશા પર આપણે જીવવું રહ્યું.

('અક્ષરમુદ્રા'માંથી તારવીને સાભાર)

અનુસંધાન] **પિથીઆસ** [પૃ. ૩૨ પરથી


તરફની કે ઉત્તર બાજુની કોઈ ગ્રીક સફરનું સાહસ ખેડાયાની જાણ મળતી નથી. આવી આછીપાતળી માહિતીના આધારે શોધસફરોના ઇતિહાસમાં ભાગ્યે જ કોઈનું નામ નોંધાયું હશે. છતાં સાગર પરની શોધસફરોમાં પિથીઆસનું સ્થાન અગ્રસ્થાને છે એટલું જ નહીં, એણે કરેલી શોધો તથા વૈજ્ઞાનિક નિરીક્ષણોથી એ કાળની પશ્ચિમની દુનિયામાં નવા જ્ઞાનનું ઉમેરણ તો થયું જ હતું.

– બિ.


આ ચરિત્ર-લેખમાં આવતાં કેટલાંક નામોની પાદટીપ : ૧. **ફિનિશીઆ** : લેબૅનૉન પાસેનો સીરિયન પ્રદેશનો સાંકડો વિસ્તાર. બાઈબલમાં જેમને 'સાઈડોનીઅન્સ' કહ્યા છે તે, અહીંના ફિનિશીઅન લોકોએ અનેક સ્થળોએ પોતાની વસાહતો સ્થાપી હતી. તેઓ પાકા વેપારીઓ અને ઉત્તમ નાવિકો હતા. કાર્થેજની સ્થાપના એમણે કરેલી. 'ટાયર' અને 'સાઈડોન' પણ એમનાં મુખ્ય નગરો હતાં. 'ટાયરન પર્પલ' નામે જાણીતા રંગનો એમનો મુખ્ય વેપાર હતો. છેક કૉર્નવેલ અને સિસિલી સુધી તેઓ કલાઈનો વેપાર કરતા. ઈ. પૂર્વે ૩૩૨માં સિકંદરે ટાયર પર જીત મેળવ્યા પછી ફિનિશીઅન પ્રજાની પડતી થઈ. ૨. **મન્ટ્શઝન** : Baron Von Munchhausen પૂરું નામ Karl Friedrich Hieronyma જન્મ : ૧૭૨૦. રશિયાને પક્ષે એ તુર્કો સામે લડેલો. જર્મન યોદ્ધા તથા વાર્તાકાર તરીકે તેની ખ્યાતિ હતી. ઈ. ૧૭૮૫માં એનાં યુદ્ધ-પરાક્રમો અને એના પ્રવાસવર્ણનોનો સંગ્રહ પ્રકટ થયેલો. અંગ્રેજીમાં 'બૅરન મુન્ટ્શઝન્સ નૅરેટિવ ઑફ હિઝ માર્વેલસ ટ્રાવેલ્સ ઍન્ડ કૅમ્પેન્સ ઇન રશિયા' નામે અનુવાદ પણ થયેલો. ઈ. ૧૭૯૭માં એનું અવસાન થયું. ૩. **સ્ટ્રાબો** : ઈ. પૂર્વે ૬૩માં એશિયા માઇનોરમાં જન્મેલો ગ્રીક ભૂગોળશાસ્ત્રી. અનેક સફરો કર્યા પછી એ રોમમાં સ્થિર થયેલો, અને ત્યાં ઈ. ૨૦ના અરસામાં એનું અવસાન થયું. યુરોપ, એશિયા અને આફ્રિકા વિશે એણે 'જ્યૉગ્રાફિકા' નામે પુસ્તક પણ લખેલું. ૪. **વાઈકિંગ્સ** : સ્કૅન્ડિનેવિયા અને એ તરફના ઉત્તર પ્રદેશના, ચાંચિયા જેવા દરિયાના રખડુઓ. યુરોપની ઉત્તર-પશ્ચિમ કંઠારો અને એ તરફની મોટી નદીઓ સુધી પહોંચી આઠથી દસમી સદી દરમિયાન તેઓએ ઘણા દેશોમાં લૂંટફાટો ચલાવેલી. ૫. **પરબાણ** : પરમાણ અથવા પરમણ. વહાણના સઢને નીચે બાંધવાનું આડું લાકડું. કૂવાથંભ સાથે સંબંધ રાખી તેને ઊંચુંનીચું ખેંચી સઢ સંકેલવા ને ચડાવવામાં વપરાય. ૬. **સ્ટેડીઆ** : સ્ટેડીઅમનું બહુવચન. ઍથેન્સનું લંબાઈ માપવાનું એક એકમ. – ૬૦૭ ફૂટ. ૭. **હેલ્ગોલૅન્ડ** : હેલિગોલૅન્ડ. ઉત્તર સાગરમાં એલ્બ નદીના મુખથી ૪૫ મા. દૂરનો ટચુકડો ટાપુ. એક કાળે એ સેંકડો ચોરસ માઈલમાં ફેલાયેલો હતો. પછી એ માત્ર ૧૩૦ મા. જેટલો જ લાંબો રહેલો. હેલ્ગોલૅન્ડનો અર્થ હોલી આઈલૅન્ડ થાય છે.








(૧) 'પાન અમેરિકન હાઇ-વે' આલાસ્કાના ફેરબૅન્કસથી માંડી આર્જેન્ટિનાના બ્યુએનોસ એર્સ સુધી લંબાયેલો છે. તેની ૧૮,૮૭૯ માઈલની લંબાઈ ઉત્તર-દક્ષિણ અમેરિકાના તમામ દેશોનાં પાટનગરોને જોડે છે. (૨) અમેરિકાના દક્ષિણ ડાકોટા રાજ્યમાં માઉન્ટ રશમોર નૅશનલ મેમૉરીઅલ તરીકે જાણીતાં, પહાડમાં કોતરેલાં ચાર અમેરિકન રાષ્ટ્રપ્રમુખો – વૉશિંગ્ટન, જેફર્સન, થીઓડોર રૂઝવેલ્ટ અને અબ્રાહમ લિંકનનાં મુખશિલ્પ દુનિયાભરમાં મોટામાં મોટાં વ્યક્તિ – શિલ્પ ગણાય છે. તેમાં વૉશિંગ્ટનના માથાની ટોચથી તેની હડપચી સુધીની લંબાઈ ૬૦ ફીટ જેટલી છે, જેના પરથી આ શિલ્પોના કદનો ખયાલ આવશે. ૪૬૫ ફીટ ઊંચી પૂર્ણ માનવપ્રતિમાના પ્રમાણથી સ્વ. ગટઝન બૉર્ગલમે આ શિલ્પો પહાડમાં કંડાર્યાં છે. (૩) છેલ્લાં ૨૦૦૦ વર્ષમાં દુનિયામાંથી ૧૦૬ ઉપરાંત જાતનાં સસ્તન પ્રાણીઓ લુપ્ત થઈ ગયાં છે. આમાંની ૭૩ જાતો તો ૧૮૦૦ની સાલ પછી અદૃશ્ય થઈ છે. હિન્દી મહાસાગરમાં મોરિશ્યસ અને રીયુનિયન ટાપુઓ ઉપર મબલખ સંખ્યામાં થતાં 'ડોડો' નામનાં પંખીઓ પણ આમ નામ:શેષ થઈ ગયાં છે. આ ટાપુઓ ઉપર મીઠું પાણી તથા ખોરાક લેવા રોકાતાં વહાણોના ખલાસીઓએ માંસની લાલચે આ તદ્દન નિરુપદ્રવી પંખીઓની જે બેફામ હિંસા ચલાવેલી તેથી ૧૮૬૦માં તો તેમનો સમૂળગો નાશ થઈ ગયો. એ પછી કેટલાક વખત સુધી તો વિજ્ઞાનીઓને પણ આવાં કોઈ પક્ષીઓના અસ્તિત્વ વિષે શંકા રહેલી.







(૧) યુનાઈટેડ સ્ટેટ્સમાં આ 'ગ્રાન્ડ કૂલી ડૅમ' એ સિમેન્ટ કૉન્ક્રેટનું મોટામાં મોટું ચણતર ગણાય છે. વૉશિંગ્ટન રાજ્યમાં કોલંબિયા નદી ઉપર ૪૧૭૩ ફીટ લંબાઈમાં આ ડૅમ પથરાયેલો છે. આ બંધની પાછળ રચાયેલું રૂઝવેલ્ટ સરોવર કૅનેડાની સરહદ ઉપર ૧૫૧ માઈલમાં પથરાયેલું છે. (૨) આજે તો શક્તિશાળી દૂરબીનો દ્વારા ૧૦૦૦ અબજ તારાઓને ખગોળ-શાસ્ત્રીઓ જાણે છે, પરંતુ ગૅલિલીઓ અને ન્યૂટનના સમયમાં દૂરબીનો વડે દસેક લાખ તારાઓ જ જોઈ શકાતા હતા. (૩) પ્રાણીજગતમાં આવરદાનો તફાવત પણ અજબ છે. મોરિશ્યસ ટાપુ ઉપર એક કાચબો ૧૫૦ વર્ષ જીવ્યાની નોંધ છે, જ્યારે 'મે-ફ્લાય' પોતાનું સમગ્ર આયુ માત્ર વીસેક મિનિટમાં જ પૂરું કરે છે.

લેખકનાં અન્ય રોકાણોને કારણે આ અંકમાં 'ટૅલિવિઝન' લેખમાળાનો હપ્તો આપી શકાયો નથી.

અનુસંધાન] ઉપાધ્યાયનું લૉકેટ [પૃ. ૩૨થી

'શેરને માથે સવાશેર હોય એ તો જાણો છો ને?' કહી ફેલુદાએ પોતાના ખિસ્સામાંથી ટચકડું ટેપ-રેકૉર્ડર કાઢીને એમને બતાવતાં કહ્યું, 'તમને શું લાગે છે કે આ હું...'

પણ ફેલુદાનું વાક્ય પૂરું થાય એ પહેલાં અચાનક ખભા પર જોરદાર ઘા વાગતાં એ લથડિયું ખાઈ પડી ગયા. રસ્તાનો આ ભાગ સાવ સૂમસામ હતો. અહીં તક મળતાં બાજુની નાની ગલીમાંથી એક માણસ અચાનક બહાર ધસી આવ્યો ને એણે ફેલુદા ઉપર ઘા કર્યો. મારીને એ નાસવા જતો હતો ત્યાં હું એના પર કૂદી પડયો અને બે હાથે કમરમાંથી પકડી એને પાસેની દીવાલ સરસો દબાવી દીધો. મારી પકડમાંથી છૂટી ભાગવા એણે પણ જોર અજમાવ્યું, પણ લાલમોહનબાબુએ પોતાની પાસેનું હથિયાર તેના માથામાં જોરથી ફટકાર્યું, અને એ તમ્મર ખાઈને પડી ગયો.

એ હથિયાર બીજું કંઈ નહીં, પેલી બે રૂપિયામાં ગૌરી-કુંડમાંથી ખરીદેલી લોખંડી ખોભળીવાળી લાકડી જ હતી. પેલાના માથામાંથી લોહીની ફૂટ થએલી દેખાઈ, પણ કળ વળતાં તુરત એ નાઠો ને એ અંધારી ગલીમાં અદૃશ્ય થઈ ગયો.

આ તરફ ફેલુદા ઊઠીને બેઠા થયા. પોતાની જાત પર એમણે કાબૂ મેળવી લીધો જણાયો. ટેકો કરી અમે બંનેએ એમને ઊભા કર્યા. 'કેદારમાંય ગુંડાઓ આવી પહોંચ્યા લાગે છે.' ઊભા થતાં એ બોલ્યા.

અહીંથી અમારો ઉતારો પાસે જ હતો. ત્યાં અમારી બાજુના જ ખંડમાં અધીર સેન નામના એક બંગાળી ડૉક્ટર ઊતર્યા હતા. ફેલુદાને એ ઓળખી ગયા. એથી માર લાગ્યો હતો એ કરતાં તેનો ઈલાજ વધુ પડતો થયો. ફેલુદાને વાગેલું ત્યાં ખભા ઉપર એમણે દવા લગાડી પાટો બાંધ્યો. કહે, 'હાડકું ભાંગ્યું છે કે નહીં એ તો એકસ-રે વિના નહીં ખબર પડે.'

'ફ્રેક્ચર હોય કે ન હોય, પણ મને સૂઈ રહેવું નહીં પરવડે.' ફેલુદાએ કહ્યું. ફીનું પૂછતાં અધીરબાબુ જીભ કાઢતાં બોલ્યા, 'અરે એ શું બોલ્યા? તમારી પાસેથી ફી શાની વળી?' પછી કહે, 'જાણો છો, મિ. મિત્તિર, આ હું ત્રીજી વાર કેદાર આવ્યો છું. અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય તો હજીય એવું ને એવું જ છે, પણ ધીમેધીમે અહીં યે એન્ટિ-સોશિયલ એલિમેન્ટ વધતું જાય છે. આ માટે આપણી આવજા માટેની વધતી જતી સગ-વડો જવાબદાર છે. એક બાજુ કંઈક સારું કરવા જઈએ કે બીજી બાજુ નરસું તત્ત્વ પેસી જ જાય છે. હું તો આ સ્પષ્ટ જોતો આવ્યો છું.'

દરમિયાન કાલીકમલીવાલાની ધર્મશાળાના મૅનેજરે પોતાની બુદ્ધિ ચલાવીને અહીંના પોલીસને બોલાવ્યા હતા. ફેલુદાએ એમને એક તરફ લઈ જઈ ઘણીવાર સુધી બહુ બધી વાત કરી. મને લાગ્યું કે એ કંઈ જાતજાતનાં સૂચન આપતા હતા અને દારોગાસાહેબ બહુ ધ્યાનથી એ સાંભળી રહ્યા હતા.

પોલીસના ગયા પછી પેલા પત્રકાર મિ. ભાર્ગવ આવી ચડયા. 'સાંભળ્યું કે તમારી લાઈફ પર ઍટેક થયો — તમારો જાન લેવાની કોઈએ કોશિશ કરી?' આવતાં જ એણે પૂછ્યું.

'જાસૂસના જીવનમાં તો આવું બન્યા જ કરે, મિ. ભાર્ગવ. કોઈ ગુંડો હતો, કંઈ પડાવી લેવા ધાર્યું હશે, પણ ફાવ્યો નહીં.'

'તમને શું લાગે છે? આ તમારી તપાસ સાથે તો કંઈ સંકળાયેલી બાબત નથી ને?'

'તપાસ? એ વળી તમે કયાં જોઈ? અમે તો અહીં ઉપાધ્યાયને મળવા આવ્યા છીએ.'

'એ ખરું! પછી તમને એમની કંઈ ભાળ મળી કે નહીં? જો કે મને એની જાણ થઈ ગઈ છે.'

'અચ્છા! કેવી રીતે ખબર પડી તમને?'

'કેદારનાથના મહંત પાસેથી. ઉપાધ્યાય હવે ભવાનીબાબા બન્યા છે. ગાંધી સરોવરની પાસે એક ગુફામાં એ રહે છે.'

'મને પણ એવી જ ઈન્ફરમેશન મળી છે.'

'હું કાલે સવારે દસ વાગ્યે એમને મળવા જવાનો છું. તમે પણ ચાલોને. બધા સાથે જઈએ તો ઠીક પડશે.'

'મારા આ ખભાના સવારે શા હાલ હશે તેના પર એનો આધાર છે. પણ જતાં પહેલાં તમે અહીં મળતા જજો!'

મિ. ભાર્ગવ એ પછી ચાલ્યા ગયા. મને ખબર હતી કે અમારે વહેલી સવારે—પરોઢિયે અહીંથી જવાનું ફેલુદાએ નક્કી કરેલું હતું. મિ. ભાર્ગવથી એ વાત એમણે શા માટે છુપાવી હશે? જો કે એમને પત્રકારો ગમતા નથી એ હું જાણું છું.

બીજે દિવસે સવારે વહેલા ઊઠવાનું હોઈ પુરીશાક ખાઈને વહેલા સૂઈ જવાની તૈયારી કરવા માંડી, એટલામાં ફેલુદાએ જે કહ્યું તે અમને મુદ્દલ ગમ્યું નહીં. એ કહે, 'તમે બંને હવે સૂઈ જાઓ. દરમિયાન હું જરા બહાર ફરી આવું.'

'ફરી આવું એટલે?' હું તો આભો જ બની ગયો, થોડી ચીડ પણ ચડી. ભલે એ બોલે નહીં, પણ હું જાણતો હતો કે એને ખભામાં ભારે પીડા થતી હશે. 'અત્યારે કયાં ફરવા જવું છે?'

'પવનદેવને એક વાર મળવું જરૂરી છે.'

'એટલે? તમે સીધા શત્રુની છાવણીમાં જવા ઈચ્છો છો?'

'આવું તો ઘણીવાર થયું છે. એ તું જાણે છે, તોપસે. આમ એકાદ હુમલો થવાથી ઘણીવાર દિમાગ ખૂલી જાય છે. આજે પણ એમ જ થયું છે. પવનદેવ આપણા દુશ્મન નથી.'

'તો પછી કોણ છે?'

'ખરેખર દુશ્મન કોણ છે એ તને બહુ જલ્દીમાં જ જાણવા મળશે.'

'પણ અત્યારે તમે બહાર નીકળશો અને દુશ્મન ક્યાંક તમારા ઉપર ફરી હુમલો કરવા લપાઈને બેઠો હશે તો?'

'મારી પાસે મારું હથિયાર છે. તમે બંને સૂઈ જાઓ. મને આવતાં કદાચ મોડુંવહેલું થાય તો યે કાલ વહેલી સવારના આપણા પ્રોગ્રામમાં કંઈ જ ચેન્જ નથી કરવાનો. કાલે પરોઢિયે સાડા ચાર વાગ્યે ગાંધી સરોવર જવા રવાના થવાનું જ છે.'

પોતાની સાથે એક મોટી ટૉર્ચ અને રિવોલ્વર લઈને ફેલુદા રવાના થઈ ગયા.

'તારા દાદા (મોટાભાઈ)ની હિંમતનો પણ કોઈ જવાબ નથી!' લાલમોહનબાબુ બોલ્યા.

રાતે ફેલુદા ક્યારે પાછા આવ્યા તેની ખબર નથી. અમે પૂછ્યું પણ નહિ. પરોઢિયે અમે જાગ્યા ત્યારે એ તૈયાર જ હતા. અમે બંને પણ જલદીજલદી તૈયાર થઈ ગયા, અને સાડા ચારે તો અમે નીકળી ગયા. બહાર પરોઢનો ઉજાસ ફેલાઈ ગયો હતો પણ રસ્તા પરની બત્તીઓ યે ટમટમતી હતી.

કેદારનાથનું મંદિર વટાવી ખુલ્લી જગ્યામાં આવ્યા ત્યારે અચાનક ફેલુદાએ મને પૂછ્યું, 'અગાઉ તું મોંએથી જોરથી સીટી મારતો તેમ હજી યે મારી શકે ખરો?'

પ્રશ્ન સાંભળી મને નવાઈ તો લાગી જ, કહ્યું, 'હા જ તો વળી, કેમ પૂછવું પડ્યું?'

'સારું. આજે હું કહું ત્યારે એ રીતે જોરથી સીટી મારજે.'

અમારા ત્રણેયના હાથમાં લોખંડી 'સ્પાઇક'વાળી પેલી લાકડીઓ હતી. બરફથી ઢંકાયેલા પથરાળ રસ્તા ઉપર ચાલવામાં એ બહુ મદદરૂપ હતી. આરંભમાં જ મંદાકિની પરનો એક પુલ વટાવ્યો. આસપાસ હિમાચ્છાદિત ઊંચાં શિખરો હતાં — જો કે એમાંના એકેયના નામની મને ખબર નહોતી. આમાંના દૂરના એક સર્વોચ્ચ શિખર ઉપર વહેલી સવારની ગુલાબી આભા પ્રસરતી દેખાતી હતી. ઠંડી પણ અતિશય હતી. તેમાં થથરતા લાલમોહનબાબુએ ધ્રૂજતા અવાજે પૂછ્યું, 'તો...તો — તોપસે તો સી...સીટી મારશે, મ...મારે શું કરવાનું?'

'તમે જરૂર પડે તો તમારી લાકડી ગાંડાની જેમ ઘુમાવજો. એથી તમારી બહાદુરી અને તમારા ગાંડપણની બીમારી એક સાથે પુરવાર થઈ જશે.'

અર્ધોએક કલાકની મજલ પછી દૂર સુધી ફેલાએલું એક વિશાળ સમતલ મેદાન દેખાયું. ચારે બાજુની પહાડીઓની વચ્ચે ત્યાં ચોરા-બાલી તાલ એટલે કે ગાંધી-સરોવર દેખાયું. જોતાં જ એ ઓળખાઈ તો ગયું જ, છતાં મેં ફેલુદા ભણી જોઈ પૂછ્યું, 'આ જ ને?' એને એમણે હકારમાં માથું હલાવ્યું.

સરોવરને પશ્ચિમ કાંઠે એક મોટો ટેકરો હતો. એમાં એકાદ કુદરતી ગુફા હોવી સ્વાભાવિક હતી. જોકે આ બધું અમારાથી હજી દૂર હતું.

જે ભૂમિ ઉપરથી અમે જતા હતા તેમાં નાનાનાના પથ્થરોથી માંડી મોટી શિલાઓ અને ખડકો પણ હતા, અને ઉપર ચોપાસ જામેલો બરફ પણ ખરો.

મેં જોયું કે ફેલુદાની નજર કંઈક શોધી રહી હતી. એકાએક એક સ્થાન પર એ સ્થિર થઈ ગઈ. મેં એ તરફ બરાબર દૃષ્ટિ માંડી જોયું તો એક મોટા ખડકની આડમાં કૅમેરાની ત્રિપગી ઘોડીનો એક પાયો દેખાયો. એ જોયા પછી ફેલુદા દબાતે પગલે એ તરફ વળ્યા. અમે પણ એ જ રીતે ચૂપકીદીથી એને અનુસર્યા. નજીક પહોંચતાં ખબર પડી કે ત્યાં પવનદેવ ઘોડી ઉપર કૅમેરા ગોઠવીને લપાઈને ઊભા હતા. કૅમેરા ઉપર ટેલિફોટો લેન્સ લગાડ્યો હતો. મતલબ કે બહુ દૂરથી ફિલ્મ ઉતારવા ઉપરાંત એ ટેલિસ્કોપનું પણ કામ આપે.

અમને જોતાં જ નાનાકુંવરે દબાતા અવાજે કહ્યું, 'ગુફા તો સ્પષ્ટ દેખાય છે, પણ હજી તેઓ બહાર આવ્યા નથી.'

ફેલુદાએ અને મેં પણ કૅમેરાના વ્યૂફાઈન્ડરમાં નજર નાખી જોઈ. સામે પથરાયેલા સરોવરના સ્થિર જળમાં વહેલી સવારના ગુલાબી આકાશની આભા પ્રતિબિંબિત થતી હતી. એ પછી જરા ડાબી તરફ કૅમેરા ઘુમાવતાં ગુફા પણ દેખાઈ ને તેની પાસે ખોડેલી એક ભગવી ધજા પણ.

દૂર સૌથી ઊંચા લાગતા શિખરને મથાળે ધીરેધીરે સવારનો કૂમળો સૂર્યપ્રકાશ ફેલાતો જતો હતો. પૂર્વમાં એક ઊંચા શિખરની પાછળના આકાશની વધુકી તેજસ્વીતા કહેતી હતી કે હવે જરા વારમાં જ ત્યાંથી સૂર્યનો ઉદય થશે. થોડી પળોમાં તો આંખો આંજી નાખતો સૂર્ય ત્યાં ચડી આવ્યો અને ગાંધી સરોવરની જળસપાટી તેના તેજમાં ઝળહળી ઊઠી. પેલી ગુફા ઉપર પણ હવે સૂર્યપ્રકાશ ઊતરી આવ્યો. તેના તેજમાં હવે સ્પષ્ટ દેખાતી ગુફા સાથે સામેનું સમગ્ર દૃશ્ય કોઈ નાટકના તખ્તા સમું અદ્‌ભુત લાગતું હતું અને એ જ વખતે રંગમંચ ઉપર પ્રવેશતા અભિનેતા જેમ ગુફામાંથી એક સંન્યાસી બહાર આવ્યા. એમની દૃષ્ટિ જાણે નવોદિત સૂર્યને આવકારતી હોય તેમ પૂર્વ દિશા તરફ મંડાયેલી હતી.

'તોપસે, ચૂપચાપ આગળ વધો.' ફેલુદાએ બહુ જ ધીમેથી આદેશ આપ્યો.

'હું અહીં કૅમેરા સાથે તૈયાર છું.' નાનાકુંવરે કહ્યું.

અમે ત્રણે જણ ખડક પાછળ લપાતાછુપાતા ચૂપચાપ પણ ઉતાવળે ગુફા તરફ આગળ વધ્યા. વધતા જતા સૂર્યપ્રકાશ સાથે સર્વત્ર સન્નાટો વ્યાપ્યો હતો. રૂદ્ધ શ્વાસે જાણે પ્રકૃતિ કોઈ ખાસ ઘટનાની રાહ જોઈ રહી હતી.

હવે તો નરી આંખે યે પેલી ગુફા, તેની પાસે ખોડેલી ધજા અને સંન્યાસી સ્પષ્ટ દેખાતાં હતાં. અમે ઉત્તરમાં એ તરફ લપાતાછુપાતા આગળ વધતા હતા. સંન્યાસીનું જમણું પડખું અમારી તરફ હતું અને એમની નજર પૂર્વ ભણી.

એમની ભગવી કફની ઉપર એમણે કથ્થઈ રંગનો ગરમ ધાબળો ઓઢયો હતો.

અચાનક ગુફાની પૂર્વ તરફના ટેકરા પર એક ઝબકાર થયો. કોઈ ધાતુની વસ્તુ ઉપર પ્રતિબિંબિત થતા સૂર્યપ્રકાશનો એ ક્ષણિક ઝબકાર હતો. બીજી જ પળે ત્યાં એક માનવ આકાર ઊપસી આવ્યો. ઓવરકોટના ઊંચા કરેલા કૉલર તથા માથે પહેરેલી ઊનની ગરમ કાનટોપી નીચે ઢંકાયેલો એનો ચહેરો તો ઓળખાતો નહોતો, પણ સૂર્યપ્રકાશમાં ઝબકી ગયેલી તેના હાથમાંની પેલી ધાતુની ચીજ રિવોલ્વર જ હતી એ નિ:શંક હતું.

હજી સંન્યાસી તો એ જ ભાવથી સૂર્ય પ્રતિ નજર માંડી સ્થિર ઊભા હતા.

ફેલુદાએ ધીમે સ્વરે મારા કાનમાં કહ્યું, 'હું આગળ વધું છું, તમે બંને અહીં આ ખડક પાછળ છુપાઈને ઊભા રહો. અને તોપસે, તું રિવોલ્વરનો અવાજ સાંભળે કે તુરત તારી પેલી સીટી મારજે.'

પછી જરાપણ અવાજ કર્યા વિના ફેલુદા ગુફાની દિશામાં આગળ વધી એક મોટી શિલાની આડમાં એવી રીતે છુપાઈને ઊભા કે જયાંથી તેઓ ગુફા પાસે જે કંઈ બને તે બરાબર જોઈ શકે. અમે એમનાથી વીસેક ગજ પાછળ હતા પણ ત્યાંથી અમે એ ગુફા પાસે ભજવાતા નાટકનાં પાત્રોને બરાબર જોઈ શકતા હતા. અમે એ પણ જોયું કે ફેલુદાના હાથમાં એની રિવોલ્વર ગોઠવાઈ ગઈ હતી.

એકાએક સંન્યાસીને કંઈ અણસાર આવી હોય તેમ એમણે પોતાની ડાબી તરફ, એટલે કે ઓવરકોટમાં ઢંકાઈને આવેલી પેલી વ્યકિત તરફ માથું ફેરવ્યું. બીજી જ પળે ત્યાં ફેલાએલા અપાર્થિવ નૈ:શબ્દયને ચીરતો એક અવાજ સંભળાયો, અને એ સાથે જ પેલી અજાણ વ્યકિત ડાબા હાથે પોતાના જમણા હાથના કાંડાને દાબતી બરફ ઉપર બેસી પડી. તેના હાથમાંની રિવોલ્વર ઊડીને જરા દૂર જઈ પડી. એ જ વખતે ફેલુદાની સૂચના મુજબ મેં જોરથી સીટી મારી, અને એ સાંભળતાં જ આસપાસના ખડકો પાછળ ન જાણે કયારથી છુપાઈ બેઠેલા પોલીસો દોડી આવ્યા.

'તોપસે, તમે હવે અહીં આવી જાઓ!' ફેલુદાએ બૂમ મારી. અમે બંને દોડીને એમની પાસે પહોંચી ગયા.

એકાએક આટલી ઝડપથી આમ ખળભળી ઊઠેલા વાતાવરણને સમજી ન શકવાથી પેલા સૌમ્યમૂર્તિ સંન્યાસી તો ડઘાઈ જ ગયા હતા. અમારી બધાની તરફ એ આશ્ચર્યથી ફરીફરીને જોવા લાગ્યા.

અને પોતાનું ઘવાયેલું કાંડું પકડી બેસી પડેલી પેલી વ્યક્તિનો ચહેરો હવે સ્પષ્ટ દેખાતો હતો. પત્રકાર મિ. ભાર્ગવને જોઈ લાલમોહનબાબુ અને હું, અમે બન્ને પણ આશ્ચર્યથી પળભર અવાક બની ગયા હતા.

દોડી આવેલા પોલીસોમાંના એક કૉન્સ્ટેબલને ઉદ્દેશીને ફેલુદાએ મિ. ભાર્ગવ પ્રતિ નિર્દેશ કરતા કહ્યું, 'પ્રથમ તો આમની દાઢી ખેંચી કાઢો.'

અને મિ. ભાર્ગવની બનાવટી દાઢી દૂર થતાં જે ચહેરો પ્રકટ થયો એ કોઈ જાદુની જેમ અદ્‌ભુત રીતે પરિચિત લાગતો હતો. ફેલુદાએ તેની નજીક જઈને એક ઝપાટે એના માથા પરની ટોપી પણ ખેંચી કાઢી, ને પછી તુરત બોલી ઊઠયા –

'આ હેરિડિટી પણ અજબ છે ને! આના કાનની બૂટ એના બાપ જેવી છે એટલું જ નહિ, વાળની સેંથીય એ બાપની જેમ જમણી તરફ પાડે છે. આને જોઈને મનમાં જે ચટપટી થતી હતી તેનું કારણ હવે સમજાયું.'

અને અમનેય હવે સમજાયું કે આ મિ. ભાર્ગવ તે બીજું કોઈ નહિ પણ રૂપનારાણગઢના મિ. ઉમાશંકર પુરીના પુત્ર દેવીશંકર પુરી હતા.

હવે અમારું લક્ષ સંન્યાસીબાબા તરફ દોરાયું. તેઓ હજીય ડઘાયેલા જ લાગતા હતા. જરા વાર રહી એ હિંદીમાં બોલ્યા, 'પિસ્તોલના ધડાકાથી તો મારું મન બહેર મારી ગયું. ખેર, હવે કંઈક ઠીક છે.'

ફેલુદાએ પણ હિંદીમાં જ કહ્યું, 'હવે જો આપને વાંધો ન હોય તો આપની પાસે જે થેલી છે તેમાં જરા નજર નાખી લઈએ. અમે આપના મિત્રો જ છીએ એ તો આપને સમજાઈ ગયું હશે. જુઓ તો, થેલી આપની ગુફામાં સલામત છે ને!'

'બીજે કયાં હોય? એ જ તો મારી એક માત્ર સંપત્તિ છે.'

ફેલુદાની ઈશારતથી એક કૉન્સ્ટેબલ ગુફામાં જઈને એક લાલ થેલી લઈ આવ્યો. એ ખોલીને જોતાં પ્રથમ તો સાચવીને રાખેલો એક કાગળ મળ્યો. રાજા ચંદ્રદેવસિંહે પોતાની પાસેનું મૂલ્યવાન રત્નજડિત લૉકેટ ભવાની ઉપાધ્યાયને ભેટ આપ્યા અંગેનું લખાણ તેમાં હતું.

બીજી એક નાની થેલી પણ હતી જેમાં જતનથી સાચવીને રાખ્યું હતું બાળગોપાલની આકૃતિવાળું પેલું રત્નજડિત લૉકેટ. થેલીમાંથી બહાર કાઢતાં જ સવારના કૂમળા સૂર્યપ્રકાશમાં એ ઝળાંહળાં થઈ ઊઠયું.

લૉકેટની સુંદર કારીગરી તથા તેમાં જડેલાં રત્નોનો ઝળહળાટ જોવાથી નિપજેલા આશ્ચર્યથી સૌ મૂક બની ગયા હતા. તેથી ફેલાયેલી ચુપકીદી તોડતાં ભવાની ઉપાધ્યાય ઉર્ફે ભવાનીબાબાને ઉદ્દેશીને ફેલુદાએ હિંદીમાં કહ્યું: 'હવે આપ આપનો અસલ પરિચય આપશો તો અમને સૌને સવિશેષ જાણવા મળશે એટલું જ નહિ, આનંદ પણ થશે.'

'મારો અસલ પરિચય!?'

'હાજી, આપનું ખરું નામ વગેરે, અને એ પણ બંગાળીમાં જ કહો.'

આ સાંભળતાં તો અમારું કુતૂહલ પણ સતેજ થયું.

આશ્ચર્યથી જરા વાર ફેલુદા તરફ જોઈ રહ્યા અને પછી એ બોલ્યા, 'હા, હા. આટલા લાંબા ગાળા બાદ મનેય બંગાળીમાં બોલવું ગમશે. પણ એ તો કહો કે તમને કેવી રીતે ખબર પડી ગઈ કે હું બંગાળી છું?'

'કેમ? ખબર ન પડે? આપે દેવનાગરી લિપિમાં હિંદીમાં જે પત્ર લખેલો તે મેં જોયો હતો. તેમાં 'લ' અને 'જ' અક્ષરના વળાંક દેવનાગરી નહિ પણ બિલકુલ બંગાળી 'લ' અને 'જ' જેવા હતા. એ જોતાં જ મને શંકા ગયેલી. વળી, હરદ્વારના આપના ઘરની અભરાઈ પરથી એક પુસ્તકનું પાનું મળેલું તે પણ બંગાળીમાં છપાયેલું હતું.

'ખરેખર, તમારી બુદ્ધિ અને અનુમાનશક્તિ પ્રખર છે!'

'વારુ, હવે એક બીજા સવાલનો ઉત્તર આપશો?'

'પૂછો.'

'ઉપાધ્યાય એ શું આપની સાચી અટક છે? અને ભવાની એ ખરું નામ છે?'

'તમે શું કહેવા માગો છો? મેં શું...?'

'ઉપાધ્યાય એ શું ગંગોપાધ્યાયનો અંશ નથી?' ફેલુદાએ ઉપાધ્યાયના પ્રશ્નને ન ગણકારતાં આગળ બોલ્યે રાખ્યું, 'અને ભવાની એ દુર્ગાનું જ એક નામ નહિ? હું એમ કહું કે આપનું અસલ નામ દુર્ગામોહન ગંગોપાધ્યાય છે, તો શું હું ખોટું કહું છું?'

આ સાંભળતાં તો લાલમોહનબાબુ એકદમ ચમકી ગયા, ને એ બોલી ઊઠ્યા, 'ના-ના-ના....!'

'શું ના-ના કરો છો લાલમોહનબાબુ?' ફેલુદાએ પૂછ્યું.

'ના . . . નાનાકાકા! આ મારા નાનાકાકા છે?'

દુર્ગામોહન ગંગોપાધ્યાય પણ અવાક્ બની લાલમોહનબાબુને જોઈ રહ્યા. આ જોઈ લાલમોહનબાબુએ પોતાની ઓળખ આપતાં એમને કહ્યું—

'હું લાલુ છું, નાનાકાકા!' અને લાલમોહનબાબુ દુર્ગામોહનની ચરણરજ લેવા તેમની સમક્ષ વાંકા વળી ગયા. ભવાનીબાબા પણ પોતાના ભત્રીજાની ઓળખ પડતાં તેને ભેટી પડ્યા અને બોલ્યા, 'અરે, લાલુ તું છો? તો તો પછી મારી સમસ્યાનું સમાધાન થઈ ગયું. હવે તો આ લૉકેટ તને જ મળવું જોઈએ. મારી પાસે એ રહે તેમાં તો ભારે મુસિબત છે.'

'એ તો છે જ! જો મને એ આપશો તો હું બૅન્કના વૉલ્ટમાં તેને મૂકી દઈશ. તમને કદાચ ખબર નહિ હોય કે આજકાલ હું નાનાં છોકરાંઓ માટે વાર્તાઓ લખીને સારું કમાઉં છું, પણ લોકોની રુચિ બદલાતાં શી વાર? એક દિવસ એવુંય બને કે મારાં પુસ્તકોનું વેચાણ બિલકુલ ઘટી જાય, અને એમ થાય તો ત્યારે આ લૉકેટ મારી પાસે હશે તો...'

પોતાનો પુત્ર જ ઉપાધ્યાય પાસેનું લૉકેટ હાથ કરવા માગે છે એવું જાણીને ઉમાશંકરે ન છૂટકે ફેલુદાને તાર અને પત્ર મોકલેલા. બાપને હાથની મુઠ્ઠીમાં રાખવાની તાકાત દેવીશંકરમાં પણ હતી જ. દુર્ગામોહન એટલે કે ભવાની ઉપાધ્યાયનું ખૂન થાત તો પછી એ લૉકેટ હાથ આવવું શક્ય ન હોત. પણ એમ થતું રહી ગયું તેનું કારણ પેલી ભેખડના ધસી પડવામાં હતું. એથી દેવીશંકરને રુદ્રપ્રયાગમાં થોડો સમય પણ થંભી જવું પડ્યું. માર્ગમાં પથ્થર ગબડાવીને ફેલુદાને આગળ વધતા રોકી પાડવા કે એમનો નિકાલ કરવા એણે જ માણસને રોકેલો. અને કેદારમાં પણ આગલી રાતે ગુંડા દ્વારા ફેલુદા ઉપર એણે જ હુમલો કરાવેલો. સિંઘાનિયાના આગમનનો ઉદ્દેશ તો સ્પષ્ટત: લૉકેટ ખરીદવાનો જ હતો.

અહીં ગુફા પાસે બનેલી ઘટના વખતે નાનાકુંવર ભલે દૂર હતા પણ ટેલિફોટો-લૅન્સ ચડાવેલા એમના કૅમેરામાં એમણે અહીં જે કંઈ બન્યું તેની ફિલ્મ ઉતારી લીધી હતી. એટલે મિ. ભાર્ગવના વેષમાં દેવીશંકરે ભવાની ઉપાધ્યાયની હત્યા કરવાનો જે પ્રયત્ન કર્યો તેનો તે પુરાવો બની ગયો. પવનદેવ પાસે હવે વધારાની કોરી ફિલ્મ રહી નહોતી. પણ દિલ્હીથી નવી ફિલ્મ તુરત મંગાવી લઈને તેમાં તેમણે દુર્ગામોહન—ભવાની ઉપાધ્યાયની મુલાકાત ઉતારવાની પોતાની ઇચ્છા દર્શાવી અને દુર્ગામોહનબાબુએ પણ તે માટે અનુમતિ આપતાં કહ્યું: 'એક રાજાના અદ્ભુત ઉદાર મનનો પરિચય વિશ્વના લોકોથી છૂપો શા માટે રાખવો? તમારી ફિલ્મમાં એમણે મને આવી મૂલ્યવાન ભેટ આપ્યાની વાત અચૂક જણાવીશ.'

'પણ એ બાલગોપાલ અંકિત લૉકેટ તો ત્યારે આપની પાસે નહિ હોયને!'

'ના, પણ એને ફિલ્મમાં સમાવવું હોય તો લાલુ—આ મારા ભત્રીજાને કહેજો.' આમ કહેતાં દુર્ગામોહને લાલમોહનબાબુ તરફ નિર્દેશ કર્યો.

પવનદેવે લાલમોહનબાબુને પૂછ્યું, 'આપને ઘેર આવીને હું એ લૉકેટની ફિલ્મ ઉતારી શકું ને?'

'જટાયુ' એમના અસલ સાહેબી ઠાઠથી અંગ્રેજીમાં બોલ્યા: 'યૂ આર મોઉસ્ટ વેલકમ.' (સંપૂર્ણ)

સત્યજિત રાયનાં ડિટેક્ટિવ ફેલુદા અને વિજ્ઞાની પ્રો. શંકુ જેવા જ રસમય પાત્ર 'તારિણી ખુડો'ની નાની નવતર વાર્તા હવે પછી.

ઓળખપત્ર

મેજી યુગના મહાન ઝેન ગુરુ કેઈચુ, કયોતોના તોફૂકુ મંદિરના વડા હતા. એક દિવસ કયોતોના મંત્રી પહેલી વખત તેમને મળવા આવ્યા. તેમના મદદનીશે અંદર જઈને મંત્રીનું ઓળખપત્ર આપ્યું. જેમાં લખ્યું હતું – કિટાગાકી, કયોતોના મંત્રી.

'મારે આવા માણસનું કંઈ કામ નથી.' કેઈચુએ તે વાંચીને મદદનીશને કહ્યું, 'એમને કહો કે તેઓ પાછા જાય.'


માફી માગીને મદદનીશ એ ઓળખપત્ર મંત્રી પાસે રૂ લઈ ગયો.

'એ મારી ભૂલ હતી.' મંત્રીએ કહ્યું અને પછી પેલું ઓળખપત્ર લઈ તેમાં લખેલા પોતાના હોદ્દાનું લખાણ છેકી નાખી તે પાછું આપતાં કહ્યું, 'હવે ગુરુને ફરીથી પૂછી જુઓ.'

ગુરુએ ઓળખપત્ર વાંચ્યું અને બોલ્યા, 'ઓહ! શું કિટા-ગાકી આવ્યો છે? મારે એમને મળવું છે.'

અનુવાદક : બેલા રાવલ

વધુ ઝાડ વાવો



એક કાળે કલિંગ દેશ નામે ઓળખાતા આજના ઓરિસાનાં હિંદુ મંદિરો આ પ્રકારનાં સ્થાપત્યનાં પ્રાચીનતમ અને ઉત્કૃષ્ટ દષ્ટાંતો ગણાય છે. કહેવાય છે કે કાશી પર જ્યારે બૌદ્ધ વર્ચસ્વ વધી ગયું હતું ત્યારે અહીંના કેસરી વંશના સનાતન હિંદુધર્મી રાજાઓએ ત્રિલોકના નાથને નામે ભુવનેશ્વર નામની તીર્થનગરી વસાવી ત્યાં બીજું કાશી ઊભું કરવાનો પ્રયત્ન કરેલો. પરિણામે અહીં સૂર્ય, વિષ્ણુ, બ્રહ્મા, શિવ, શક્તિ ઈત્યાદિ પ્રત્યેક હિંદુ દેવદેવીઓનાં લગભગ ૭૦૦૦ જેટલાં નાનાંમોટાં દેવસ્થાનો રચાયાં હતાં સદીઓ પછી આજે યે અહીં એમાંનાં સેંકડો મંદિરો ટકી રહેલાં છે. આ તરફ જગન્નાથપુરી જેમ સૌથી મોટું વૈષ્ણવ તીર્થધામ મનાય છે, તેમ ભુવનેશ્વર સૌથી મોટું શૈવ તીર્થધામ છે. આમાં અંદાજે ઈ. ૭૫૦ થી ૯૦૦ દરમિયાન બનેલાં પરશુરામેશ્વર, ઉત્તરેશ્વર, શત્રુઘ્નેશ્વર, ભરતેશ્વર, લક્ષ્મણેશ્વર અને વેતાળ દેવળ, તે પછી ઈ. ૧૧૦૦ સુધીમાં બનેલાં મુક્તેશ્વર, લિંગરાજ, બ્રહ્મેશ્વર. રામેશ્વર, અને ત્યારબાદ ઈ. ૧૩૦૦ સુધીમાં બનેલાં અનંત વાસુદેવ, સિદ્ધેશ્વર, કેદારેશ્વર, યમેશ્વર, મેઘેશ્વર, સોમેશ્વર અને રાજારાણીનાં મંદિરો આજે પણ તે સમયના શોભનમંડિત લાક્ષણિક સ્થાપત્ય અને શિલ્પાંકનને કારણે વિખ્યાત છે. ૧૨૦ ફૂટ ઊંચા શિખરવાળું અને રેતી–ચૂનાનો જરા પણ ઉપયોગ કર્યા વિના રચાયેલું રેતિયા પથ્થરનું, લિંગરાજનું ભવ્ય મંદિર આ બધાં મંદિરોમાં મુખ્ય છે. તેની નજીકમાં જ બનેલા ૨૫ ફૂટ ઊંચા શિખરવાળા મુક્તેશ્વરના મંદિરની દક્ષિણ બાજુની દિવાલનો અંશભાગ અહીં દર્શાવ્યો છે. તેના ખૂણેખૂણામાં કરેલું શોભનખચિત શિલ્પાંકન અને તેમાં કોતરેલી જાળી ઈત્યાદિ તે સમયની શિલ્પ તથા સ્થાપત્ય–કળાની સિદ્ધિની દ્યોતક છે.